**આજનો સુવિચાર**

ચિંતા એટલે ગેરમાર્ગે ચડેલી કલ્પના શકિત !

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૨૬૯ જૂનાગઢ તા. ૧૯-૧૦-૨૦૨૨ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


### ગુજરાતની બે દિવસની મુલાકાતે આવી પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીનગર ખાતે ડિફેન્સ એક્ષ્પોનું ઉદ્‌ઘાટન કર્યુ : મિશન સ્કુલ ઓફ એકસલન્સનો શુભારંભ

# જૂનાગઢમાં નમો.. નમો.. : એગ્રી કેમ્પસ ખાતે ભારે ઉત્તેજનાનો માહોલ : માનવ મહેરામણ ઉમટી પડયો

ગાંધીનગર /જૂનાગઢ તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની બે દિવસની મુલાકાતે આવી પહોંચ્યા છે. અમદાવાદ એરપોર્ટ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સી.આર. પાટીલ વગેરેએ તેમનું સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ વડાપ્રધાને ગાંધીનગર ખાતે ડિફેન્સ એક્ષ્પોનું ઉદ્‌ઘાન કર્યુ હતું અને મિશન સ્કુલ ઓફ એકસલન્સનો શુભારંભ કરાવ્યો હતો.

વડાપ્રધાન મોદી બપોરે સવાત્રણ વાગ્યે જૂનાગઢમાં વિવિધ વિકાસકાર્યોનો શિલાન્યાસ કરશે, જ્યાં વિશાળ જનસભાને પણ તેઓ સંબોધવાના છે. જૂનાગઢ બાદ તેઓ રાજકોટ પહોંચશે, જ્યાં રાજકોટ એરપોર્ટથી રેસકોર્સ સુધી વડાપ્રધાન મોદીનો ભવ્ય રોડ શો યોજાશે. રોડ શો બાદ તેઓ રાજકોટમાં ઈન્ડિયા અર્બન હાઉસિંગ કોન્કલેવ-૨૦૨૨નું ઉદઘાટન કરશે, સાથે જ ઈશ્વરિયામાં સાયન્સ મ્યુઝિયમનું લોકાર્પણ અને લાઈટ હાઉસ પ્રોજેકટ અંતર્ગત લાભાર્થીઓને આવાસની ફાળવણી ઉપરાંત ફલાય ઓવરબ્રિજ અને રોડ રસ્તાના વિકાસકાર્યોની સૌરાષ્ટ્રને ભેટ આપશે.

આજે બપોરે જુનાગઢ અને સાંજે રાજકોટમાં વિશાળ સભા માટે બંને મહાનગરમાં સરકારી તંત્ર તથા ભાજપે અભુતપૂર્વ તૈયારીઓ કરી છે. અભેદ્ય સુરક્ષા ચક્ર ઉભુ કરાયું છે.

જુનાગઢ અને રાજકોટ બે દિવસથી રાત્રે રોશનીથી ઝળહળા થઈ રહ્યા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થયા પૂર્વે વડાપ્રધાનની આ સંભવિત અંતિમ ગુજરાત મુલાકાત છે. જેથી સમગ્ર રાજયને મોદીમય બનાવવા તંત્ર અને ભાજપે પૂરતી તૈયારીઓ કરી છે. આજે સાંજે ૪.૩૦ વાગ્યે વડાપ્રધાન રાજકોટ એરપોર્ટ ઉપર ઉતરીને પોલીસ હેડ કવાર્ટર ચોક સુધી રોડ શો કરશે અને ત્યાર બાદ રેસકોર્ષમાં સભા સંબોધશે. સભા બાદ શાસ્ત્રી મેદાનના નેશનલ હાઉસીંગ કોન્કલેવનું ઉદઘાટન કરવાના છે. બાદમાં મોડી સાંજે રાજકોટથી ગાંધીનગર પરત ફરશે.

વડાપ્રધાન રાજકોટ, મોરબી, જુનાગઢ જિલ્લાના વિકાસ કામોનું તેઓ લોકાર્પણ અને ભૂમિપૂજન કરશે. નરેન્દ્ર મોદી આ બે દિવસમાં ગાંધીનગર, જૂનાગઢ, રાજકોટ, કેવડિયા અને વ્યારા ખાતે આયોજીત વિવિધ કાર્યક્રમોમાં વડાપ્રધાન હાજરી આપશે. જેમાં અંદાજે રૂા. ૧૫,૬૭૦ કરોડના વિવિધ પ્રોજેક્ટનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરવામાં આવશે.

આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ડિફેન્સ એકસપો-૨૦૨૨નું ઉદઘાટન કર્યુ હતું બાદ અડાલજ ખાતે મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સનું લોકાર્પણ અને બપોરે ૩:૧૫ કલાકે જૂનાગઢમાં વિવિધ વિકાસ યોજનાઓનો શિલાન્યાસ કરશે. રાજકોટમાં સાંજે ૬ કલાકે ઈન્ડિયા અર્બન હાઉસિંગ કોન્કલેવ-૨૦૨૨નું ઉદઘાટન કરશે અને રાજકોટમાં બહુવિધ ચાવીરૂપ પ્રોજેકટસનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. સાંજે ૭:૨૦ કલાકે રાજકોટમાં નવીન બાંધકામ પદ્ધતિઓના પ્રદર્શનનું પણ ઉદ્‌ઘાટન કરશે.

જુનાગઢમાં વડાપ્રધાન રૂા.૩૫૮૦ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ કરશે. શિલાયન્સ કરશે જેમાં ૧૧૩ જિલ્લામાં ૨૭૦ કિલોમીટરની લંબાઈના કોસ્ટલ હાઈવે સુધારણાના કામો પણ છે. ઉપરાંત પોરબંદર, ગીર સોમનાથ વિકાસ કામોનો શિલાન્યાસ કરશે. બપોરના ૩ કલાકે જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિશાળ ગ્રાઉન્ડમાં હેલીપેડ તૈયાર કરવામાં આવેલ છે. ત્યાંથી વડાપ્રધાન સીધા જ પહોંચી સભાને સંબોધીત કરશે ત્યારબાદ ૪.૧૫ કલાકે રાજકોટ જવા રવાના થઈ જશે. ૩.૦૫ કલાકે વડાપ્રધાન મોદી જૂનાગઢમાં જાહેર સભાને સંબોધન કરશે સભા કૃષિ યુનિવર્સિટીના સ્પોર્ટસ ગ્રાઉન્ડમાં યોજવામાં આવી છે. આ સભામાં વડાપ્રધાનના હસ્તે ઉમરગામથી લખપત કોસ્ટલ હાઈવેની ૨૪૦૦ કરોડની યોજનાનો શુભારંભ ઉપરાંત જુનાગઢ, પોરબંદર, ગીર સોમનાથજીલ્લાના વિવિધ વિકાસ કામો મળી કુલ ૪૧૬૩.૧૦ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરશે.

## રખડતા ઢોર મામલે ગુજરાત હાઈકોર્ટે ત્રણ અધિકારીઓનો કડક શબ્દોમાં ચેતવણી આપી

**ચીફ જસ્ટીસે ડીજીપી આશિષ ભાટીયા, શહેરી વિકાસ સચિવ મુકેશ કુમાર અને અમદાવાદ મ્યુની. કમિ.ને કહયું "તહેવારોમાં રખડતા ઢોરને કારણે કોઈનું મૃત્યુ કે ઈજા થવી જોઈએ નહી.**

અમદાવાદ તા. ૧૯

રખડતા ઢોર મામલે થયેલી અરજીની સુનાવણી દરમ્યાન ગુજરાત હાઈકોર્ટનાં ચીફ જસ્ટિસ અરવિંદ કુમારની ખંડપીઠ સમક્ષ ડીજીપી આશિષ ભાટિયા, શહેરી વિકાસ સચિવ મુકેશ કુમાર, મ્યુનિ. કમિશનર હાજર રહ્યા હતા. જેમાં કોર્ટે ત્રણેયને કડક શબ્દોમાં કહ્યું હતું કે, તહેવારોમાં રખડતાં ઢોરના કારણે કોઈનું પણ મૃત્યુ કે ઈજા થવી જોઈએ નહીં. વધુમાં ચીફ જસ્ટિસે સરકારને ઉદ્દેશીને એવી ટકોર કરી હતી કે, રખડતાં ઢોર અંગેની કાર્યવાહી માત્ર કાગળ ઉપર જ રહી છે. અમારે તો અમલ જોઈએ છે. ચીફ જસ્ટિસે આશિષ ભાટિયાને ઉદ્દેશીને ટકોર કરી હતી કે, મિ. ભાટિયા, મેં અત્યાર સુધીમાં એક પણ મહત્ત્વની જગ્યાઓ ઉપર પોલીસ કર્મચારી ઊભેલો જોયો નથી. બોડકદેવ, વસ્ત્રાપુર, પોલિટેકનિકમાં તો ક્યાંય જોયા નથી. હાઈકોર્ટે વધુ સુનાવણી ૧૫ નવેમ્બર ઉપર મુકરર કરી છે.

ચીફ જસ્ટિસે એવી ટકોર કરી હતી કે મૃતક ભાવિન પટેલને એડહોક રૂ. ૨ લાખના વળતર ચૂકવવાનું તમે નક્કી કર્યુ છે તે રકમ બહુ જ ઓછી છે મ્યુનિ. ૫ લાખનું વળતર ચૂકવે. આ રકમ કસૂરવાર પાસેથી વસૂલ કરાશે. એટલુંજ નહી તમે ઘટના તો જુઓ, એ માણસ ફોટો કોપી લેવા નીકળેલો. આશરે એ ૩૪-૩૫ની ઉમરનો હતો આ ઉંમર મૃત્યુની નથી. ખંડપીઠે કમિશનરને ઉદ્દેશીને એવી ટકોર કરી હતી કે, તમારો પ્રોબ્લેમ એ અમારો બનવો ન જોઈએ. તમે કેટલું વળતર આપવા માગો છો? કમિશનર તરફથી ૨ લાખ વળતર આપવાની દલીલ કરાતા કોર્ટે નારાજગી દર્શાવતા ટકોર કરી હતી કે, જે ઓફિસર આવા બનાવો માટે જવાબદાર છે એની પાસેથી વસૂલ કરો. તમારે રસ્તો શોધવાનો છે, તેના માટે તમારે જે કરવું પડે એ કરો. જ્યારે તમારા ખિસ્સામાંથી પૈસા જશે તો તમે વધુ સજાગ બનશો.

ચીફ જસ્ટિસે સરકારને ખખડાવતા એવી ટકોર કરી હતી કે તમે બધા ભેગા થઈ વિચારો, મગજ દોડાવો અને એક સરળ ઉપાય શોધી કાઢો. અમારા માટે હુકમ કરી દેવો બહુ સહેલો છે. પણ અમે આશા રાખીએ કે તમે અમને હુકમ કરવા મજબૂર નહીં કરો. સરકારે ખાતરી આપી હતી કે આગામી મુદત સુધી રખડતાં ઢોર સંબંધી કોઈપણ અનિચ્છનીય ઘટના બનશે નહીં.

## આજે કોંગ્રેસને નવા રાષ્ટ્રીય અધ્યક્ષ મળશે મલ્લિકાર્જુન ખડગેનો વિજય નિશ્ચિત

નવી દિલ્હી, તા. ૧૯: દેશના સૌથી જૂના રાજકીય પક્ષ કોંગ્રેસના નવા રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીના પરિણામની ઉત્તેજના છવાઈ ગઈ છે. નવી દિલ્હીના ૨૪-અકબરરોડ સ્થિત ઓલ ઈન્ડીયા કોંગ્રેસ કમિટીની ઓફીસમાં મતગણતરીનો પ્રારંભ થયો છે અને કોંગ્રેસના ૯૫૦૦ ડેલીગેટ દ્વારા મત અપાયા છે અને તમામ રાજ્યમાંથી આવેલી મતપેટીઓના મતપત્ર મિક્સ કરી દેવામાં આવશે અને તેથી ક્યા ઉમેદવારને ક્યા રાજ્યમાંથી કેટલા મત મળ્યા તે ખ્યાલ આવશે નહીં કોંગ્રેસના પીઢ નેતા અને રાજ્યસભાના સભ્ય મલ્લીકાર્જુન ખડગે અને પક્ષના સિનિયર સાંસદ શશી થરુર વચ્ચે સીધો જંગ છે અને તેમાં ખડગેનો વિજય નિશ્ચિત માનવામાં આવે છે

## હિમાચલ પ્રદેશની ચૂંટણીમાં ભાજપે ૬૨ અને કોંગ્રેસે ૪૬ ઉમેદવારોની યાદી જાહેર કરી

સીમલા તા.૧૯

હિમાચલપ્રદેશમાં ચૂંટણીજાહેર થયા બાદ ભાજપ અને કોંગ્રેસે પોતાના ઉમેદવારો જાહેર કર્યા છે. જે મુજબ ભાજપે ૬૨ ઉમેદવારોનું લિસ્ટ જાહેર કર્યુ છે, જયારે કોંગ્રેસે ૪૬ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. આ અંગે જાણવા મળતી વિગત અનુસાર હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીને લઈને ૬૨ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. હિમાચલપ્રદેશમાં ૧૨ નવેમ્બરે વોટીંગ છે અને ૮ ડિસેમ્બરે મતગણતરી સાથે પરિણામ જાહેર થશે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરના પિતા અને પુર્વ મુખ્યમંત્રી પ્રેમકુમાર ધુમલને ટિકિટ નથી અપાઈ. જયારે બીજી બાજુ હિમાચલ પ્રદેશની વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસે ૪૬ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. મંગળવારે મોડી રાત્રે હાઈ કમાન્ડે યાદીની જાહેરાત કરી હતી.

## સમાચાર રાઉન્ડ અપ

- બિલ્કીશ બાનો કેસનાં આરોપીઓને મુકત કરવામાં કેન્દ્ર સરકારની સહમતી હતી : સીબીઆઈએ વિરોધ કર્યો હતો, ગુજરાત સરકારે સુપ્રિમ કોર્ટમાં સોગંદનામુ દાખલ કર્યુ
- મતદારો કેન્દ્ર સરકાર કરતા રાજય સરકારોથી વધુ નારાજ છે : સર્વેનાં તારણો
- ઈન્દોર સ્થિત સોના-ચાંદીનાં વેપારી નિર્મલ વર્મા વડાપ્રધાન મોદીનાં ખૂબજ મોટા ચાહક, પોતાના હાથે વડાપ્રધાન મોદીની સોનાની મૂર્તિ બનાવી
- સુપ્રિમ કોર્ટમાં પ્રવર્તમાન કોલેજીયમ સીસ્ટમ ઉપર દેશનાં કાયદામંત્રી કિરન રિજીજુએ સવાલો ઉઠાવ્યા
- બ્રિટીશ સૈન્યનાં ૩૦ પૂર્વ પાયલોટ ચીની સૈન્યને તાલીમ આપી રહયા હોવાના અહેવાલોથી સમગ્ર યુકે ખળભળાટ : તપાસનાં આદેશ
- અદાણી ડિફેન્સ એન્ડ એરો સ્પેસ દ્વારા રૂા. ૪૦૦ કરોડની કિંમતે એર વર્કસ કંપનીને હસ્તગત કરાશે
- શાહરૂખખાનનાં પુત્ર આર્યન ખાનનાં ડ્રગ્સ કેસની તપાસમાં ઘણી ખામી હોવાનો એનસીબીનો અહેવાલ
- દિલ્હીનાં પ્રગતિ મેદાનમાં ઈન્ટરપોલની ૯૦મી જનરલ એસેમ્બલીનું ઉદ્‌ઘાટન કરાયું : વડાપ્રધાન મોદીએ ઈન્ટરપોલનાં પ્રેસીડેન્ટ અહમદ નાસર અલ રઈશીની સાથે સ્મૃતિ ટપાલ ટીકીટ અને ૧૦૦ રૂપિયાનાં ચલણી સિકકાનું લોકાર્પણ કર્યુ


દિવાળીની હાર્દિક શુભેચ્છા....



બાલાજી વેફર્સનાં ઓથોરાઈઝડ ડીલર

**વિમલ એજન્સી**

ઉપરકોટ રોડ, ગેબનશાહ ચોક, વર્ધમાન કોમ્પ્લેક્ષ, જૂનાગઢ. મો. ૯૮૨૫૮ ૪૭૧૬૭

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૦૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




**બીના ઈલેક્ટ્રોનિક્સ**

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

**ૐ ઉપચાર કેન્દ્ર**
**ડો. સી.ડી. ઓઝા (N.D.)**

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

દિવાળીની હાર્દિક શુભેચ્છા....

**ડૉ. ખોખાણીની APEX**

આંખ-દાંતની હોસ્પિટલ તથા લેસર સેન્ટર

કીકીની સારવાર

**સોરઠમાં સૌપ્રથમવાર**
કીકીનાં રોગનાં સુપર સ્પેશ્યાલીસ્ટ

**ડો. દર્શના બગથરીયા**



એમ.એસ.ઓપ્થો.(ગોલ્ડમેડાલીસ્ટ)
એફ.સી.ઓ.એસ. (કીકીના સર્જન)

રીલાયન્સ મોલની બાજુમાં, મોતીબાગ રોડ, જૂનાગઢ
મો: ૯૪૦૮૨ ૪૨૦૦૦

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

**નક્ષત્ર – જ્યોતિષ**

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌંદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક


દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ–કલા**
યુરોસર્જીકલ હોસ્પિટલ

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪


બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

**સ્પો. દિવાળી ધમાકા ઓફર**

Nisha Goutami
M. 99041 94089
M. 82002 33962

(ફકત ૧૫ દિવસ માટે)
(ઓનલી ફોર લેડીઝ)

**New Glow Saloon**



કોઈપણ લેન્થ માટે ઓફર

| | |
|---|---|
| હેર સ્મુથનીંગ (શેમ્પુ એન્ડ કન્ડીશનર ફ્રી) | 8999/- |
| હેર સ્ટ્રેટનીંગ (શેમ્પુ એન્ડ કન્ડીશનર ફ્રી) | 9500/- |
| હેર રીબોડીંગ (શેમ્પુએન્ડ કન્ડીશનર ફ્રી) | 8999/- |
| કેરાટીન લેન્થ (શેમ્પુએન્ડ કન્ડીશનર ફ્રી) | 5500/- |
| હેર કર્ટીંગ તથા લેન્થ | 250/- to 350/- |
| હેર સ્પા એન્ડ લેન્થ | 399/- to 999/- |
| રૂટ ટચઅપ | 400/- |
| ગ્લબલ કલર સાથે સ્પા ફ્રી | 2499/- |
| હાઈલાઈટસ | 1999/- |
| ડેનડ્રફ ટ્રીટમેન્ટ | 799/- |
| ફેસીયલ | 1249/- |
| ડી-ટેન | 1599/- |
| મીટચેલ ફેશીયલ ગોલ્ડ | 1349/- |
| મીટચેલ ફેશીયલ સીલ્વર | 1599/- |
| અરોમા ફેશીયલ | 999/- |
| એફ.વાય.સી. ફેશીયલ | 1299/- |

સ્પેશ્યલ બોડી ટ્રીટમેન્ટ

| | |
|---|---|
| ૧. ફુલ્લી બોડી મસાજ (ઓઈલ) | 799/- |
| ૨. ફુલ્લી બોડી પોલીસ (ઓઈલ) | 1499/- |
| ૩. ફુલ્લી બોડી સાઈનર | 999/- |
| ૪. ફુલ્લી બોડી વેકસ | 1299/- |
| ૫. મેનીકયોર - પેડીકયોર ફુટ સ્પા | 1599/- |

સ્પેશ્યલ બ્રાઈડલ ઓફર બ્રાઈડલ પેકેજ
૫૦૦૦ થી ૨૦,૦૦૦
(૫ દિવસના બુકીંગ માટે જ)

બી.-૨૦૫, બીએમ સ્કવેર-૧, રાજલક્ષ્મી પાર્ક, રીલાયન્સ ફ્રેસની સામે, મોતીબાગ રોડ, જૂનાગઢ

सत्यमेव जयते

GOVERNMENT OF GUJARAT

आज़ादी का अमृत महोत्सव

માનનીય વડાપ્રધાન

# શ્રી નરેન્દ્રભાઈ મોદીના

વરદહસ્તે

## જૂનાગઢ, ગીર-સોમનાથ અને પોરબંદરમાં ₹4155.17 કરોડના વિવિધ વિકાસ કાર્યોની જાહેરાત તથા ખાતમુહૂર્ત



**વિવિધ વિકાસ કાર્યોની જાહેરાતઃ**

ઉમરગામથી લખપત સુધી ₹2440 કરોડની કોસ્ટલ હાઇવે સ્કીમ: કોસ્ટલ હાઇવે 15 જિલ્લાઓથી પસાર થશે અને હાલના 741.04 કિલોમીટરના વિસ્તારને 10 મીટર પહોળો કરશે અને 263.10 કિલોમીટરની ખૂટતી લિંકને ઉમેરશે. આ યોજનાના નિર્માણકાર્યથી દરિયાકાંઠાના વિસ્તારમાં રોજગારીની તકો ઉત્પન્ન થશે, તથા અંતર ઘટશે, સમય અને ઈંધણની બચત થશે. દરિયાકાંઠાના ગામડાઓ અને માછીમારોને તેમની ઉપજ વેચવા માટેનું પ્લેટફોર્મ મળી રહેશે. આ યોજના પ્રવાસનને પણ વેગ આપશે અને દરિયાકાંઠાની સુરક્ષાને મજબૂત કરશે.

**વિવિધ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત :**

**ઉમરગામથી લખપત કોસ્ટલ હાઈવે યોજનાનો તબક્કો-1:**

₹693 કરોડના ખર્ચે નિર્માણ પામનારો તબક્કો-1 અંદાજે 272.80 કિલોમીટરના વિસ્તાર સાથે 13 જિલ્લામાંથી પસાર થશે. 25 રસ્તાઓને 10 મીટર પહોળા કરવામાં આવશે.

**G.M.E.R.S. મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ પોરબંદરનું ખાતમુહૂર્ત**

₹546 કરોડના મૂલ્યની મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ સ્થાનિક લોકોને સસ્તી અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળ પૂરી પાડશે તદુપરાંત ઘરઆંગણે યુવાધનને આરોગ્ય સંબંધિત શિક્ષણની તકો પૂરી પાડશે.

**માઢવાડ, વેરાવળ, સુત્રાપાડા, જિલ્લો - ગીર-સોમનાથ ખાતે મત્સ્ય બંદરોના વિકાસ કાર્યો**

કુલ ₹834.12 કરોડના ખર્ચે નિર્માણાધિન મત્સ્ય બંદરો માછીમારો માટે વધારાની બર્થિંગ, લેન્ડિંગ, બોટ રીપેરીંગ વગેરે જેવી સુવિધાઓ પૂરી પાડશે.

**જૂનાગઢ અને પોરબંદરમાં જૂથ પાણી પુરવઠા સુધારણા યોજના હેઠળ ₹142.92 કરોડના વિવિધ કામો**


આ કામો સ્થાનિકોની વધતી જતી માંગ અને જરૂરિયાતને પહોંચી વળવા માટે પાણીની ઉપલબ્ધતા અને પુરવઠામાં વધારો કરશે.

**પોરબંદર અને ગીર-સોમનાથમાં ₹105.42 કરોડના શહેરી વિકાસના કામો**

પોરબંદર - છાયા નગરપાલિકા ખાતે ઈલેક્ટ્રોમિકેનિકલ પમ્પહાઉસ સાથેની ભૂગર્ભ ગટર યોજના તથા વેરાવળ ખાતે ફાટક નં-૧૩૦ & ૦૧ પર રેલવે ઓવરબ્રિજના બાંધકામથી લોકોની જીવનશૈલી સુધરશે અને વિસ્તારમાં વધતી જતી ટ્રાફિકની સમસ્યાને સરળ બનાવશે.

**₹74.43 કરોડના અન્ય પ્રજાલક્ષી કામોમાં જેમાં નાબાર્ડની RIDF યોજના અંતર્ગત ગોડાઉન અને અન્ય વિકાસકાર્યો તથા માધવપુર ખાતે શ્રી કૃષ્ણ રૂક્ષ્મણી યાત્રાધામના વિકાસ કાર્યોનો સમાવેશ થાય છે.**

**પોરબંદર મત્સ્ય બંદર ખાતે ₹12.28 કરોડના ખર્ચે મેન્ટેનન્સ ડ્રેજીંગ યોજના**



# વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે જૂનાગઢનાં અતીથી

## જૂનાગઢ, ગિર સોમનાથ અને પોરબંદર જીલ્લાના વિકાસ કામોના કરશે ખાત મુર્હુત અને દિવાળીની આપશે અમુલ્ય ભેટ

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આજ તા.૧૯ના રૂા.૪૧૫૫ કરોડના જૂનાગઢ, ગિર સોમનાથ અને પોરબંદર જિલ્લાના વિકાસ કામોના ખાતમૂર્હુત અને જાહેરાત કરાશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની બપોરે ૩ કલાકે વિશાળ જાહેર સભા યોજાશે. વડાપ્રધાનશ્રીના કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર. પાટિલ, રાજયના મંત્રીશ્રીઓ, ધારાસભ્યો, સાંસદો ઉપસ્થિત રહેશે. વડાપ્રધાનના કાર્યક્રમના સુચારૂ આયોજન માટે વહિવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ થઈ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૨૦૧૮ બાદ તા.૧૯-૧૦-૨૨ના જૂનાગઢ પધારતા હોય તેમને આવકારવા વહિવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની જાહેર સભા કૃષિ યુનિવર્સિટીના સ્પોર્ટસ ગ્રાઉન્ડ ખાતે બપોરે ૧.૩૦ કલાકે યોજાશે. જૂનાગઢ, ગિર સોમનાથ અને પોરબંદર જિલ્લાના રૂા.૪૧૫૫ કરોડથી પણ વધુ રકમના વિકાસ કામોના ખાતમૂર્હુત અને જાહેરાત કરાશે. જે પૈકી આ ત્રણયે જિલ્લાના રૂા.૨૪૦૦ કરોડના વિકાસ કામોનો પ્રારંભ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા જૂનાગઢ ખાતેથી કરાવાશે. વિકાસકામોની વિગતો જોઈએ તો, ઉમરગામથી લખપત કોસ્ટલ હાઈવે માર્ગ મકાન વિભાગના રૂા.૨૪૪૦ કરોડના, જૂનાગઢ જિલ્લાના મેંદરડા, વંથલી અને કુતિયાણામ પાણી પૂરવઠા યોજનાના કામો રૂા.૧૪૨.૯૨ કરોડના, પોરબંદર ભૂગર્ભ ગટર અને ગિર સોમનાથ જિલ્લામાં રેલ્વે ઓવરબ્રીજના કામનું રૂા.૧૦૫.૪૨ કરોડના, પોરબંદરમાં રૂા.૧૨.૨૮ કરોડના ખર્ચે મત્સ્ય બંદર ખાતે મેઈન્ટેનન્સ ડ્રેજીંગ યોજના, ગિર સોમાનાથ જિલ્લામાં માઢવાડ, સુત્રાપાડા, અને વેરાવળમાં મત્સ્ય બંદર વિકાસ યોજનાના કામોનું રૂા.૮૩૪.૧૨ કરોડના, પોરબંદરમાં મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, માધવપુરમાં શ્રીકૃષ્ણ રૂક્ષ્મણી યાત્રાધામના વિકાસ કાર્યો તથા જૂનાગઢના વંથલી ખાતે નાબાર્ડની યોજના અન્વયે બિયારણ, ખાતર અને કૃષિ પેદાશના સંગ્રહ માટે ગોડાઉનની યોજના રૂા.૬૦૨.૪૩ કરોડના કામોની જાહેરાત અને ખાતમૂર્હુત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવશે. વડાપ્રધાનના કાર્યક્રમ યોજાવાનો છે તે કૃષિ યુનિ. ખાતે વિશાળ સમિયાણુ તૈયાર થયુ છે. પાર્કિંગની પણ સુઆયોજીત વ્યવસ્થા કરવામાં આવી રહી છે. બેઠક વાહન વ્યવહાર, પીવાના પાણી, ફુડ પેકેટ, સહિત વ્યવસ્થા પણ તંત્ર દ્વારા સુઆયોજીત રીતે કરાઈ છે. વડાપ્રધાનશ્રીનો કાર્યક્રમ હોય ચુસ્ત પોલીસ બંદોબસ્ત સલામતી માટે ગોઠવાઈ ગયો છે. આ કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, કુટિર ઉધોગ મંત્રી જગદિશભાઈ વિશ્વકર્મા, પશુપાલન મંત્રી દેવાભાઈ માલમ, વાહન વ્યવહાર મંત્રી અરવિંદભાઈ રૈયાણી, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, રમેશભાઈ ધડુક, ધારાસભ્ય જવાહરભાઈ ચાવડા, બાબુભાઈ બોખરિયા, મેયર ગીતાબેન પરમાર, જિલ્લા પંચાયત પ્રમુખ શાંતાબેન ખટારિયા-જૂનાગઢ, રામીબેન વાજા-ગિર સોમનાથ અને મંજૂબેન પરમાર - પોરબંદર, મુખ્ય પંકજકુમાર, કલેકટર રચિત રાજ સહિતના મહાનુભાવો તથા જૂનાગઢ, ગિર સોમનાથ અને પોરબંદર જિલ્લાની પ્રજાજનો ઉપસ્થિત રહેશે.

### પોરબંદરમાં ૬૦૦ બેડની જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલનું ખાતમુહૂર્ત

જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલએ પોરબંદરની સૌથી મોટી સરકારી આરોગ્ય સુવિધા બનવા જઈ રહી છે જે ગીર-સોમનાથ અને દેવભૂમિ દ્વારકા અને પોરબંદરના લોકોને ઉપયોગી બનશે. ખાસ કરીને પોરબંદર જીલ્લાના અંતરીયાળ નેસ વિસ્તારના લોકો માટે સુવિધાયુક્ત બની રહેશે. એઈઈજી મેડિકલ કોલેજથી પોરબંદર જીલ્લાના ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓને પોતાના જીલ્લામાં જ મેડિકલ કોલેજમાં અભ્યાસ કરવાની તક મળશે. હાલમાં આ મેડિકલ કોલેજમાં ૩૩૦ બેડની સુવિધા છે જે વધારીને ૬૦૦ બેડની કરવામાં આવશે. સાથે જ અહીં જનરલ સર્જરી, ઈમર્જન્સી, ઓર્થોપેડિક, બાળરોગ, ગાયનેકોલોજી, પોથોલોજી જેવા અનેક વિભાગો અને સેવાઓનો ઉમેરો કરવામાં આવશે.

## ઉમરગામથી લખપત કોસ્ટલ હાઈવે યોજના માટે ૨૪૪૦ કરોડનો ખર્ચ

વલસાડ જિલ્લાના ગોવડા-કલાઈથી શરૂ થઈ ને કચ્છ જિલ્લાના નારાયણ સરોવરને જોડતો આ કોસ્ટલ હાઈવે કુલ ૧૫ જિલ્લાઓમાંથી પસાર થશે. આ કામગીરી ૩ તબક્કામાં કરવામાં આવશે. આ કોસ્ટલ હાઈવેથી દરિયાઈ સુરક્ષા માટેની કામગીરીમાં સુગમતા આવશે અને રાજયના ૧૬૦૦ કીમીના દરિયાકાંઠા ઉપર આવેલા ગામોને સીધુ જોડાણ મળશે. માછીમારી ઉપર નભતા કુટુંબોને સારી કનેકટીવીટી મળશે જેથી મત્સ્ય ઉદ્યોગના વિકાસને વેગ મળશે. આ હાઈવે દરિયાકિનારા ઉપર આવેલા પ્રવાસનના સ્થળો જેવા કે દમણ, તિથલ, સોમનાથ, માધવપુર બીચ, દ્વારકા, બેટ-દ્વારકા, કંડલા મુદ્રા, માંડવી જેવા સ્થળોને જોડશે જેનાથી પ્રવાસન ઉદ્યોગના વિકાસને વેગ મળશે.

### ગિરનાર ઉપર બિરાજમાન મા અંબાના ભાવપૂર્વક દર્શન કરતા કેન્દ્રીય વનમંત્રી અશ્વિનીકુમાર



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ ગીરનાર ઉપર બિરાજમાન જગત જનની માં અંબાના ભાવપૂર્વક દર્શન અને પૂજન અર્ચન કરી ધન્ય બન્યા હતા. કેન્દ્રીય મંત્રી અશ્વિનીકુમારે માં અંબાના દરબારમાં માતાજીની પૂજા અર્ચના સાથે માતાજીના પુરા ભાવ સાથે દર્શન કર્યા હતા અને મંદિર ટ્રસ્ટ દ્વારા મહંત તનસુખગીરીબાપુ વતી પૂજારીઓએ માતાજીની પ્રસાદી રૂપ ચુંદડી અર્પણ કરી હતી અને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

(તસ્વીર : વિજય ત્રિવેદી)

# દેવભૂમિ દ્વારકા જીલ્લાના તમામ તાલુકામાં આયુષ્યમાન કાર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો

## ખંભાળિયામાં સાંસદ પૂનમબેન માડમના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો



(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૧૯

દેવભૂમિ દ્વારકા જિલ્લાના તમામ તાલુકામાં આયુષ્યમાન કાર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ખંભાળિયા ખાતે સાંસદ પૂનમબેન માડમના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતીમાં સમગ્ર રાજયના તમામ તાલુકામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત આયુષ્યમાન કાર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. તેમજ વડાપ્રધાન દ્વારા પી.એમ.જે.એ.વાય. યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે સાંસદ પૂનમબેન માડમે પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, "વડાપ્રધાનની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ૫૦ લાખ લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડ વિતરણ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના દેશની સૌથી મોટી આરોગ્ય યોજના છે. એક સમય હતો કે, જરૂરિયાતમંદ લોકો આર્થિક પરિસ્થિતિને કારણે અને વડીલો પુત્ર કે પુત્રીને આર્થિક તકલીફ ના પડે તેમ વિચારી ખર્ચાળ સારવાર કરાવતા નહોતા. પરંતુ આયુષ્યમાન કાર્ડ આવતા વડીલોને કે જરૂરિયાતમંદ લોકો પણ સરળતાથી સારવાર લઈ રહ્યા છે.

આ કાર્ડ હેઠળ રૂા.પાંચ લાખ સુધીનો સારવાર ખર્ચ સરકાર દ્વારા ઉઠાવવામાં આવે છે." વધુમાં તેમણે જણાવ્યું કે, "દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ અને હોસ્પિટલ હોય તેવી વ્યવસ્થા સરકાર દ્વારા કરવામાં આવી છે. આજે વિશ્વ પણ ભારતની ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીઝની નોંધ લઈ રહ્યું છે." "આજે આપણે ડબલ એન્જીન સરકાર કહીએ છીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કેન્દ્ર અને રાજય સરકારની યોજનાઓને છેવાડાના માનવી સુધી સરળતાથી પહોંચી શકે તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે." વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે કે, જો સ્વસ્થ નાગરિક હશે તો સ્વસ્થ રાષ્ટ્ર બની શકે છે. આજે આપણે આરોગ્યક્ષેત્રે વધુ મજબૂતીથી આગળ વધી રહ્યા છીએ.

સાંસદ પૂનમબેન દ્વારા લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડ વિતરણ કરવામાં આવ્યું હતું અને બાદમાં લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર એમ.એ. પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી. ધાનાણી, તાલુકા પંચાયતના પ્રમુખ રામદેભાઈ કરમુર, ખંભાળિયા યાર્ડના ચેરમેન પી.એસ. જાડેજા, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન સંજયભાઈ નકુમ, મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેનના પ્રતિનિધિ પ્રતાપભાઈ પિંડારિયા, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન રસિકભાઈ નકુમ, અનિલભાઈ તન્ના સહિતના આગેવાનો સાથે અધિકારીઓ અને પદાધિકારીઓ તેમજ બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### આવકવેરા કચેરી ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

જૂનાગઢ, તા.૧૯

આવકવેરા કચેરી જૂનાગઢ મુકામે અશેષ રાજેશ રેવાર (એડીશનલ કમિશ્નર ઓફ ઈન્કમ ટેકસ)ની દોરવણી હેઠળ એ.કે. ગુપ્તા (આસિસ્ટન્ટ કમિશ્નર ઓફ ઈન્કમ ટેકસ), મયુર ચાવડા (આવકવેરા અધિકારી), ધીમંત વાજા (વહીવટી અધિકારી એન્ડ ડીડીઓ), પોપટભાઈ (આવકવેરા ઈન્સપેકટર) તથા અન્ય સ્ટાફ ગણ તેમજ રોજમદાર કર્મચારીઓએ સાથે મળીને સ્વચ્છતા અભિયાન હેઠળ કચેરી તેમજ કચેરીના પટાંગણમાં સાફ-સફાઈ કરી સ્વચ્છતા અભિયાન કાર્યક્રમને સફળ બનાવેલ છે.

# દીપાવલી પર્વ ઉજવીએ અને આત્મખોજ કરી આગળ વધીએ

દિપાવલી એટલે ભીતરના અંધકારને દૂર કરી પ્રકાશથી જીવનને ભરી દેતું પર્વ, દિપાવલી એટલે જીવનના પ્લસ અને માઈનસ પોઈન્ટને ચકાસવાનો વર્ષનો આખરી દિવસ, દિપાવલી એટલે અંતરના પ્રકાશને ઉજાગર કરતો દીવડો, દિપાવલી એટલે જીવનની અવનવી આંટીઘુટીઓમાંથી મુક્ત થવાનો શ્રેષ્ઠ દિવસ, દિપાવલી એટલે નવા વર્ષમાં કેવું જીવન જીવીશ ? કેવા સંબંધો કેળવી ? કેવા વિચારોને પ્રાધાન્યતા આપીશ ? તેનું પૂર્વ પ્લાનિંગ કરવાનો છેલ્લો દિવસ, દિપાવલી એટલે નવા સ્વપ્નોથી જીવનને મહેકાવતું પુષ્પ, દિપાવલી એટલે વર્ષ દરમ્યાન કરેલા કાર્યોના હિસાબોને સરભર કરવાનો અંતિમ દિવસ, દિપાવલી એટલે આપણા સૌના જીવનમાં નવા વર્ષની નવલી આશા, નવા વિચારો, શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમ, શિષ્ટાચાર, બુલંદ હોસલો, ખુમારી, આનંદ વગેરે ગુણોને આવકારતો અદ્વિતીય પર્વ છે. દિવાળીમાં બધા વેપારીઓએ પોતાના ધંધાનો હિસાબ સરભર કરી લેતા હોય છે, આખા વર્ષ દરમ્યાન કેટલો નફો કે નુકશાન કર્યુ ? જો બિઝનેસમાં વધારે નુકસાન થયું હોય તો નવા વર્ષમાં કેવી રીતે ધંધાને વધારે સેટલમેન્ટ સાથે પ્રાધાન્ય આપવું તેનું ક્રમબદ્ધ રીતે પ્લાનિંગ કરવા લાગી જતા હોય છે. કારણ કે, હિસાબ વિના બે છેડા ક્યારેય ભેગા ના થઈ શકે, તેથી હિસાબ કરવો અતિ અનિવાર્ય છે. આ વાતના અનુસંધાનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ શિક્ષાપત્રીમાં ધર્મ પ્રેમી ભક્તોને હિસાબ અને બચત બાબતે ખુબ સરસ આજ્ઞા કરી છે. રોજિંદા જીવનના વ્યવહારિક કાર્યોમાં જેટલો પૈસો કમાતા હોય તે તથા ઘર-પરિવાર, વસ્તુ- પદાર્થ માટે આવકમાંથી જેટલો ખર્ચ થતો હોય તે બંને પાસાનો હિસાબ અનિવાર્ય કરવો, જેથી વ્યવહાર સારી રીતે ચાલે અને જો બચત બચાવી રાખેલી હોય તો તેનો કપરાકાળમાં વિનિયોગ થઈ શકે અને જીવનમાં ક્યારેય દુઃખની ઘડીઓ ના આવે. દિપાવલીના રુડા અવસરે માત્ર એટલું જ કહેવા માંગું છું કે, જેમ આપણે સૌ પૈસા, વસ્તુ, પદાર્થ કે સામગ્રીનો હિસાબ કરીએ છીએ તેમ જીવનના પાસાનો પણ હિસાબ અવશ્ય કરવો જ જોઈએ. આ વાતને લઈને ભગવાન શ્રીસહજાનંદ સ્વામીએ વચનામૃતમાં ખુબ સરસ વાત કરી છે કે, પ્રથમના વર્ષમાં મારુ મન આવું હતું ને પછી આવું હતું અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની વાસના હતી એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો. જેમ વણિકને ઘેર નામું કર્યું હોય તે જો મહિના મહિનાનું નિરંતર ચુકાવી દઈએ તો દેતા કઠણ ન પડે ને વર્ષ દહાડાનું ભેગું કરીએ તો આપવુ બહુ કઠણ પડે તેમ જીવનનો પણ હિસાબ કંઈક આવો જ છે અગર સમય થયે જીવનનો હિસાબ નહીં કરીએ તો બધું જ નકામું છે પછી ઝાઝો હિસાબ દેવો પરમાત્માને કઠણ પડશે માટે દરરોજ જીવનને ચકાસીને હિસાબ કર્યા કરવો. સંવત્ ૨૦૭૯ના શુભ વર્ષમાં કેવી રીતે જીવન જીવવું તેનો પણ વિચાર કરી લઈએ. નૂતન વર્ષમાં વહેલી સવારે ઊઠીને પરમાત્માનું સ્મરણ કરીશ, પ્રાર્થના કરીશ, ભગવત્મંદિરે જઈશ, અન્ય લોકો સાથે સુઘડ વ્યવહાર કરીશ, નીતિમતાપૂર્વક જીવન જીવીશ, સારી વિચારધારાને પ્રાધાન્ય આપીશ, આવા સદ્વિચારોને નક્કી કરીને તેનો આપણે નવા વર્ષમાં અમલ કરવા માટે સુસજ્જ બનીએ. દેવતાઓને પણ દુર્લભ એવો આ મનુષ્ય જન્મ આપણને ભગવત્કૃપાથી પ્રાપ્ત થયો છે અને આપણે ભગવત્આરાધના કે અન્યની મદદ ના કરી શક્યા તો આ જીવનનો શું અર્થ ? ટૂંકમાં દીપાવલીનો અવસર નવું જીવન, નવી આશા, નવી ખુશી અને ઉમંગ લઈને આવે છે. તો આપણે સૌ તેને અવશ્ય વધાવીએ, ધન્યતા અનુભવીએ, આ વર્ષ કદાચ કોઈ માટે દુઃખદ ગયું કે સામાન્ય રહ્યું હોય પરંતુ ''હો ગયા સો હો ગયા 'જાગ્યા ત્યાંથી સવાર'ની નેમ લઈને હવે નવા વર્ષમાં શાનદાર અને સ્વધર્મમય જીવન જીવવા તત્પર થઈ જઈએ એ જ પરમાત્માના ચરણોમાં પ્રાર્થના.



શાસ્ત્રીસ્વામિ
જયસ્વરૂપદાસજી
ગુરૂકુલ અંકલેશ્વર

# રાજયના ગરીબ-મધ્યમ વર્ગીય પરિવારોને દિવાળીમાં વધારાની એક કિલો ખાંડ અને એક લીટર સીંગતેલનું રાહત દરે વિતરણ કરાશે

## પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાની અવધિ ડિસેમ્બર-૨૦૨૨ માસ સુધી લંબાવાઈ : ૭૧ લાખ NFSA રેશનકાર્ડ ધારકોને થશે લાભ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૯

પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું છે કે, રાજયના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો દિવાળીનો તહેવાર ઉલ્લાસમય રીતે ઉજવી શકે તે આશયથી રાજ્ય રાજ્ય સરકારે ગરીબ-મધ્યમ વર્ગીય પરિવારોને દિવાળીના તહેવારો માટે વધારાની એક કિલો ખાંડ અને એક લીટર સીંગતેલ રાહત દરે વિતરણ કરવાનો નિર્ણય કર્યો છે. મંત્રી જીતુ વાઘાણીએ વધુમાં જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજયના ગરીબ મધ્યમ પરિવારને સહાયરૂપ થવા માટે આ મહત્વનો નિર્ણય કરાયો છે જેનું વિતરણ હાલ કરવામાં આવી રહ્યું છે. તેમણે ઉમેર્યું કે, હાલ દિવાળીનાં તહેવાર નિમિતે અંત્યોદય અને બીપીએલ મળી ૩૨ લાખ રેશનકાર્ડ ધારકોને પ્રતિ કાર્ડ ૧ કિલો વધારાની ખાંડનું વિતરણ અનુક્રમે રૂા.૧૫ અને રૂા.૨૨ પ્રતિ કિલોનાં ભાવથી વિતરણ કરવામાં આવે છે. તેમજ તમામ ૭૧ લાખ N.F.S.A. રેશનકાર્ડ ધારકોને દિવાળીના તહેવાર નિમિતે પ્રતિ કુટુંબ ૧ લીટર સીંગતેલ રૂા.૧૦૦/-ના રાહત દરે વિતરણ કરવામાં આવી રહ્યું છે. મંત્રીએ ઉમેર્યું કે, ભારત સરકાર દ્વારા ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના''ની અવધિ ત્રણ માસ એટલે કે ડિસેમ્બર - ૨૦૨૨ માસ સુધી લંબાવાઈ છે. આ યોજના હેઠળ માહે ઓક્ટોબર- ૨૦૨૨ માસ માટે ૭૧ લાખ N.F.S.A. રેશનકાર્ડ ધારકોને રેગ્યુલર મળવાપાત્ર અનાજ ઉપરાંત પ્રતિ વ્યક્તિ ૧ કિ.ગ્રા. ઘઉં તથા ૪ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા. અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ તા.૧૫-૧૦-૨૦૨૨થી શરૂ કરવામાં આવી છે. ભારત સરકારની સુચના મુજબ રાહતદરનું વિતરણ અને વિનામુલ્યે વિતરણ અલગ-અલગ કરવામાં આવે છે.

# ખંભાળિયામાં પુષ્ય નક્ષત્ર સંદર્ભે શહેરમાં ખરીદીનો ધમધમાટ : સોની વેપારીઓને નોંધપાત્ર ઘરાકી



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

શુભ ગણાતા પુષ્ય નક્ષત્ર હોવાથી ખંભાળિયામાં સોની સહિતના વેપારીઓને ત્યાં નોંધપાત્ર ઘરાકી જોવા મળી હતી. ગઈકાલે આખો દિવસ અને રાત પુષ્ય નક્ષત્ર હોવાથી અનેક લોકો આ દિવસને શુભ માને છે. જેના અનુસંધાને સોના-ચાંદી સહિતની ચીજ વસ્તુઓ ખરીદવાનું અનન્ય મહત્વ હોય, શહેરની બજારમાં ઘરાકી જોવા મળી હતી. ખાસ કરીને જ્વેલરના શોરૂમ તથા દુકાનોમાં લોકોએ જઈ અને સોના ચાંદીની ખરીદી કરી હતી. ગઈકાલના શુભ દિવસે સુવર્ણ તથા ચાંદીની ખરીદી શુભ હોય, લોકોએ વધેલા ભાવ વચ્ચે પણ સોનાની નાની-મોટી ખરીદી કરી અને શુકન સાચવ્યા હતા. આટલું જ નહીં, વેપારીઓએ ચોપડા વિગેરેની ખરીદી કરી, ગઈકાલના શુભ દિવસે આસ્થા વ્યકત કરી હતી. શહેરના કેટલાક વિસ્તારોમાં નવા ધંધાદારી એકમો પણ શરૂ થયા હતા. આમ, શુભકર્તા પુષ્ય નક્ષત્ર લોકોને ફરદાય નીવડે તે માટે વિવિધ પ્રકારે શુકન સાચવ્યા હતા.

## ટાટા ગ્રૃપની ક્રોમાની દિવાળી માટે લાભ દાયક આકર્ષક ઓફર

(પ્રતિનિધિ દ્વારા)અમદાવાદ, તા.૧૯ : ભારત દિવાળીના સૌથી મનપસંદ અને ઉજવતા તહેવાર માટે સજજ હોવાથી ભારતની સૌપ્રથમ અને સૌથી વિશ્વસનિય ઓમ્નિ-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેલર ટાટા ગ્રૂપની ક્રોમાએ દિવાળી માટે વિવિધ લાભદાયક, આકર્ષક ઓફર ફેસ્ટિવલ ઓફ ડ્રીમ્સ અભિયાન સાથે પ્રસ્તુત કરી છે, જે દિવાળીમાં તમારો આનંદ અને ઉત્સાહ બમણો કરશે. ઉપભોકતાઓ ૩૦ ઓક્ટોબર, ૨૦૨૨ સુધી તેમના મનપસંદ ઈલેક્ટ્રોનિક ઉત્પાદનો ઉપર શ્રેષ્ઠ ડિલ અને ડિસ્કાઉન્ટનો લાભ લઈ શકે છે. આકર્ષક ડિલ્સ સાથે તમારી દિવાળીની ઉજવણીઓનો આનંદ માણો ! ગેરેન્ટેડ ઓછી કિંમતો અને ઈલેક્ટ્રોનિક્સની બહોળી રેન્જ સાથે ક્રોમા દિવાળીની પરફેક્ટ ગિફ્ટ ખરીદવા માટે શ્રેષ્ઠ ફેસ્ટિવલ ડેસ્ટિનેશન છે. ગ્રાહકોને વિવિધ બેંક કાર્ડ ઉપર ૧૦ ટકા તાત્કાલિક ડિસ્કાઉન્ટનો લાભ પણ મળશે.

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ટૂંકી મુદતની જાહેર નિવિદા ન. બી-૧/૧૨ સને ૨૦૨૨-૨૩

કાર્યપાલક ઇજનેરશ્રી, ગીર સોમનાથ સિંચાઈ વિભાગ, ભારતિય તટરક્ષક ની બાજુમાં, કલેકટર બંગલાની પાછળ, રાજેન્દ્રભુવન રોડ, (ફોન:૦૨૮૭૬-૨૨૨૮૯૭) વેરાવળની કચેરી દ્વારા ઓન લાઈન ટૂંકી મુદતની ટેન્ડર નોટીસ નં. બી-૧/૧૨ સને ૨૦૨૨-૨૩ થી વિભાગ હેઠળની જુદી જુદી સિંચાઈ યોજનાઓ તથા ક્ષાર અંકુશના તેમજ વિભાગ હસ્તકના ચેકડેમો માટે તાકીદની પરિસ્થિતને અનુલક્ષીને વાર્ષિક ભાવોથી કરવાના થતા સંભવિત કામો માટે "ઇ-૨" અને ઉપરની શ્રેણીમાં માન્ય ઇજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે. જે www.nwr.nprocure.com ઉપર તા.૨૧/૧૦/૨૦૨૨ થી તા.૨૯/૧૦/૨૦૨૨ સુધીમાં ભરવાના રહેશે. તેમજ ફીઝીકલ ડોકયુમેન્ટસ ફકત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી તા.૦૫/૧૧/૨૦૨૨ સુધીમાં મોકલવાના રહેશે. ઓનલાઇન આવેલ ટેન્ડરો તા.૦૭/૧૧/૨૦૨૨ ના રોજ ૧૨-૦૦ કલાકે ખોલવામાં આવશે. ટેન્ડરો રૂબરૂ ટપાલથી કે કુરીયરથી સ્વીકારવામાં આવશે નહીં. વધુ વિગત માટે www.statetenders.gujarat.gov.in વેબ સાઈટ પર જોવા મળશે. આ કામોની વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક કરવાથી મળશે.
નોંધ:- હવે પછી કોઇ સુધારા થશે તો ઓનલાઇન સુધારો કરવામાં આવશે.

માહિતી/જૂના/૭૨૯/૨૦૨૨

आज़ादी का अमृत महोत्सव



# વિશ્વ સમક્ષ ભારત પ્રસ્તુત કરશે પોતાની ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ ક્ષમતા



## એશિયાના સૌથી મોટા અને ભારતના ફ્લેગશિપ ડિફેન્સ એક્ઝિબીશનનું

માનનીય વડાપ્રધાન

## શ્રી નરેન્દ્ર મોદીના

વરદ હસ્તે ઉદ્દઘાટન

India : The Emerging Defence Manufacturing Hub

DEFEXPO22 INDIA

18th-22nd October, 2022 | GANDHINAGAR

Ministry of Defence

PATH TO PRIDE

**તારીખ** 19 ઑક્ટોબર, 2022

**સ્થળ** મહાત્મા મંદિર કન્વેન્શન એન્ડ એક્ઝિબીશન સેન્ટર

**સમય** સવારે 9:00 કલાકે

**આ આયોજનનું ગુજરાતને ગર્વ છે**

હેલિપેડ એક્ઝિબીશન સેન્ટર ખાતે **1,300 પ્રદર્શકો** સાથેનું **1 લાખ+ ચો.મી.માં** ફેલાયેલું ભારતનું અત્યાર સુધીનું સૌથી વિશાળ ડિફેન્સ **એક્ઝિબીશન**
(લોકો માટે ખુલ્લું મુકાશે: 21 અને 22 ઑક્ટોબર)

**75+** સહભાગી રાષ્ટ્રો

**31** વિદેશી રક્ષા મંત્રીઓની ઉપસ્થિતિ

ભારત-આફ્રિકા ડિફેન્સ ડાયલોગ અને ઈન્ડિયન ઓશન રીજન ડિફેન્સ કોન્ક્લેવનું આયોજન

સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ ખાતે લાઈવ પ્રદર્શન
(18 થી 22 ઑક્ટોબર, સમય: 16:45 થી 18:45 કલાક)

અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન શો
ગાંધીનગર
(19 ઑક્ટોબર, સમય: 19:30 કલાકથી)
સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ
(21 અને 22 ઑક્ટોબર, સમય: 19:00 કલાકથી)

નેવલ ડિસ્પ્લે અને શિપ વિઝિટ, પોરબંદરમાં જાહેર જનતા માટે આયોજન (18 થી 22 ઑક્ટોબર)

ઉદ્દઘાટન સમારોહ લાઈવ જોવા માટે ક્લિક કરો અને જોડાઓ twitter.com/DefProdnIndia

# ગુજરાત બિનઅધિકૃત વિકાસને નિયમિત કરવા અંગેના વટહૂકમ-૨૦૨૨ને રાજ્યપાલની મંજૂરી મળતાં રાજ્યમાં વટહૂકમનો અમલ કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો નિર્ણય

**રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ–શહેરી વિકાસ સત્તામંડળો અને નગરપાલિકા વિસ્તારમાં આવેલા બિનઅધિકૃત વિકાસને નિયમિત કરી શકાશે : રેરા–એક્ટ–૨૦૧૬ અન્વયે નોટિસ અપાયેલા બાંધકામોનો સમાવશે નહીં**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગુજરાત બિનઅધિકૃત વિકાસને નિયમિત કરવા અંગેનો વટહુકમ-૨૦૨૨નો રાજ્યમાં અમલ કરવાનો મહત્વપૂર્ણ લોકહિતલક્ષી નિર્ણય કર્યો છે. ગુજરાતના રાજ્યપાલ દ્વારા આ ગુજરાત બિનઅધિકૃત વિકાસને નિયમિત કરવા અંગેના વટહુકમ-૨૦૨૨ને મંજૂરી આપવામાં આવી છે. રાજ્ય સરકારના પ્રવક્તા શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના આ મહત્વપૂર્ણ જનહિતલક્ષી નિર્ણયની વિસ્તૃત ભૂમિકા આપી હતી. તેમણે કહ્યું કે, ગુજરાત જેવા વિકાસના રોલમોડેલ રાજ્યમાં ઊદ્યોગો, વેપાર-ધંધાની વ્યાપક્તાને કારણે મોટી સંખ્યામાં લોકો રોજગારી-વ્યવસાય માટે શહેરોમાં આવીને વસવાટ કરતા થયા છે. આના પરિણામે વાણિજ્યિક અને અન્ય હેતુની મિલકતોની માગ દિન-પ્રતિદિન વધતી જાય છે. રાજ્યના જરૂરીયાતમંદ ગરીબ, મધ્યમવર્ગીય પરિવારોને સહાયરૂપ થવા માટે રાજ્ય સરકારે તેમની બિનઅધિકૃત મિલ્કતોને કાયદેસર કરવાનો આ ઐતિહાસિક નિર્ણય લીધો છે. એક રૂમ બે રૂમ રસોડાના નાન મકાનમાં પરિવાર સાથે રહેતા મધ્યમવર્ગીય નાગરિકો તેમના બિનઅધિકૃત બાંધકામ અંગે સતત ચિંતા કરતા હોય છે તે બાબતે રાજ્ય સરકારે સંવેદના સાથે આ નિર્ણય લીધો છે. વેગવંતા શહેરીકરણને કારણે શહેરો અને નગરોની હદ અને વિસ્તારમાં મોટા પ્રમાણમાં વધારો થવાથી, શહેરોમાં પરવાનગી વગર મકાનો બનતા જાય છે. અથવા વિકાસનિયંત્રણ નિયમોની વિરૂધ્ધ મકાનો બને છે, એમ તેમણે ઉમેર્યું હતું. પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણી એમ પણ કહ્યું કે, રાજયમાં મ્યુનિસિપલ કોર્પોરેશન, સત્તામંડળો, નગરપાલિકા વિસ્તારોમાં વિપુલ પ્રમાણમાં મકાનો/બાંધકામો બી.યુ. પરવાનગી વગરના જણાય છે. બાંધકામોની સંખ્યાનો વ્યાપ તથા સેમ્પલ સર્વેની વિગતો ધ્યાને લેતા, બી.યુ. પરવાનગી ન મળેલ હોય તે તમામ બાંધકામોને બી.યુ. પરવાનગી સમકક્ષ માન્યતા મળી રહે તે માટે કોઈ ચોક્કસ પગલાં લેવા/ નીતિ ઘડવી આવશ્યક હતી. તેમણે ઉમેર્યું કે, સંબંધિત સત્તામંડળ દ્વારા બિનઅધિકૃત બાંધકામોને દૂર કરવા, ઉતારી પાડવા અથવા અન્ય ફેરફાર કરવા ગુજરાત પ્રોવિન્સીઅલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ અથવા ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૬ મુજબ નોટીસો આપવામાં આવેલ છે. પરંતુ, આ નોટીસોના અનુસંધાને સંબંધિતો દ્વારા જરૂરી પગલા લેવાનુ કે પૂર્તતા કરવાનુ સંપૂર્ણત: શક્ય બનેલ નથી. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે, રાજ્ય સરકારે અગાઉ સને ૨૦૦૧ અને ૨૦૧૧માં અનઅધિકૃત બાંધકામને નિયમીત કરવા માટેના કાયદા અમલમાં લાવવામાં આવેલ, જેના આધારે કેટલાક બાંધકામો નિયમિત થયેલ છે. તેમ છતાં, ઘણા બિનઅધિકૃત બાંધકામો નિયમિત થઈ શકેલ નથી તેમજ વપરાશની પરવાનગી મેળવી શકેલ નથી, તે પણ ધ્યાનમાં આવ્યું છે, એમ તેમણે કહ્યું હતું. આ તમામ પરિસ્થિતિ ધ્યાને લઈ તથા જૂના કાયદાની જોગવાઈઓ, નામ. સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટના નિર્દેશો તથા સ્થાનિક જરૂરિયાતોને ધ્યાને લઈ 'Gujarat Regula-risation of Unauthorised Development Ordinance, ૨૦૨૨' નો વટહુકમને રાજ્યપાલની મંજૂરી મળેલી છે. મોટા પાયા ઉપર અનઅધિકૃત બાંધકામો અને બી.યુ. પરવાનગી વગરનાં બાંધકામોને દૂર કરવા, તોડી પાડવા કે ફેરફાર કરવાથી, અસંખ્ય માણસો ઘર વિનાના અને આજીવિકાના સાધન વગરના થવાની સંભાવના છે તથા કાયદો અને વ્યવસ્થા બગડવાની સંભાવના સાથે સાથે સામાન્ય માણસને મુશ્કેલી પડી શકે છે, સમાજની આર્થિક અને સામાજીક વ્યવસ્થા ઉપર પણ વિપરિત સ્થિતિ ઉત્પન્ન થવાની સંભાવના છે, જે ઈચ્છનિય બાબત નથી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સમગ્ર બાબતે સંપૂર્ણ માનવીય અભિગમ અપનાવીને રાજ્યના લાખો પરિવારોને આવાસ-સુરક્ષા આપવા આ ગુજરાત બિનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના વટહુકમ-૨૦૨૨નો અમલ કરવાનો નિર્ણય કર્યો છે, એમ જીતુ વાઘાણીએ જણાવ્યું હતું. આ વટહુકમની મહત્વની જોગવાઈઓ અંગેની વિગતો આપતા પ્રવક્ત મંત્રીએ જણાવ્યું કે, ગુજરાત રાજયની તમામ મહાનગરપાલિકાઓ, શહેરી વિકાસ સત્તામંડળો અને નગરપાલિકાઓ વિસ્તારમાં આવેલ અનઅધિકૃત વિકાસને નિયમિત કરી શકાશે.

# મગફળી, મગ, અડદ અને સોયાબીનની લાભપાંચમથી ૯૦ દિવસ સુધી ટેકાના ભાવે ખરીદી કરવાનો રાજ્ય સરકારનો ખેડૂત હિતલક્ષી મહત્વનો નિર્ણય

**રાજયના ખેડૂતો પાસેથી એક વર્ષમાં રૂા.૩૬૪૬ કરોડની મગફળી, તુવેર અને ચણાની ટેકાના ભાવે ખરીદી કરાઈ : રાજયના ૩.૪૩ લાખ ખેડૂતો પાસેથી ૬.૭૩ કરોડ મેટ્રીક ટન જથ્થો ખરીદાયો : છેલ્લા પાંચ વર્ષમાં ૨૪ લાખ ખેડૂતો પાસેથી રૂા.૨૨,૫૯૬ કરોડ મૂલ્યની વિવિધ જણસોની ખરીદી કરાઈ**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૯

પ્રવક્ત મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું છે કે, રાજયના ખેડૂતોને આર્થિક રીતે પગભર કરવા તથા ખેડૂતોની આવક બમણી કરવાના મક્કમ નિર્ધાર સાથે રાજ્ય સરકાર આગળ વધી રહી છે ત્યારે વર્ષ ૨૦૨૨-૨૩માં પ્રાઈઝ સપોર્ટ સ્કીમ(PSS) હેઠળ મગફળી, મગ, અડદ અને સોયાબીનની તા.૨૯ ઓકટોબર-૨૦૨૨ લાભપાંચમથી ૯૦ દિવસ સુધી ટેકાના ભાવે ખરીદી કરવાનો રાજ્ય સરકારે ખેડૂત હિતલક્ષી મહત્વનો નિર્ણય કર્યો છે. રાજયના ખેડૂતો પાસેથી છેલ્લા એક વર્ષમાં રૂા.૩૬૪૬ કરોડની મગફળી, તુવેર અને ચણાની ટેકાના ભાવે ખરીદી કરાઈ છે. જયારે છેલ્લા પાંચ વર્ષમાં ૨૪ લાખ ખેડૂતો પાસેથી રૂા.૨૨,૫૯૬ કરોડ મૂલ્યની વિવિધ જણસોની ખરીદી કરાઈ છે. મંત્રી જીતુ વાઘાણી ઉમેર્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના ખેડૂતો પાસેથી ટેકાના ભાવે વિવિધ જણસીઓ સત્વરે ખરીદવા અને ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સઘન આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમણે ઉમેર્યું કે, વર્ષ ૨૦૨૧-૨૨માં પ્રાઈઝ સપોર્ટ સ્કીમ(PSS) હેઠળ ટેકાના ભાવે ખરીદી ખરીદી કરાઈ છે જેમાં મગફળીની ખરીદી માટે કુલ ૨,૬૫,૫૫૮ ખેડૂતોએ નોંધણી કરાવી હતી. જે પૈકી કુલ ૪૯,૮૯૯ ખેડૂતોએ લાભ લીધો હતો. લાભાર્થી ખેડૂતો પાસેથી કુલ ૫૫૮.૫૩ કરોડ મૂલ્યના ૯૫,૨૩૦ મે.ટન મગફળીના જથ્થાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. જયારે ખરીફ વર્ષ ૨૦૨૧-૨૨માં ટેકાના ભાવે તુવેરની ખરીદી માટે કુલ ૧૮,૫૩૫ ખેડૂતોએ નોંધણી કરાવેલ હતી. જે પૈકી કુલ ૧૦,૨૮૮ ખેડૂતોએ લાભ લીધો હતો. લાભાર્થી ખેડૂતો પાસેથી કુલ ૧૨૬.૦૩ કરોડ મૂલ્યના ૨૦,૦૦૪ મે.ટન તુવેરના જથ્થાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. એ જ રીતે રવિ સિઝન દરમ્યાન વર્ષ ૨૦૨૧-૨૨માં ચણાની ખરીદી માટે કુલ ૩,૩૮,૭૭૭ ખેડૂતોએ નોંધણી કરાવી હતી જે પૈકી કુલ ૨,૮૩,૦૪૩ ખેડૂતોએ લાભ લીધો હતો. લાભાર્થી ખેડૂતો પાસેથી કુલ ૨૯૨૧.૬૦ કરોડ મૂલ્યના ૫,૫૮,૬૨૩ મે.ટન ચણાના જથ્થાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. મગફળી, મગ, અડદ અને સોયાબિનની ટેકાના ભાવે વેચાણ માટે ખેડૂતોની નોંધણી ગ્રામ્ય કક્ષાએથી ઈ-ગ્રામ કેન્દ્રો ઉપરથી VCE મારફતે તા.૨૫-૯-૨૦૨૨થી શરૂ કરવામાં આવી છે. જે તા.૧૦-૧૧-૨૦૨૨ સુધી કરવામાં આવશે. મંત્રીએ ઉમેર્યું કે, નોંધણી થયેલ ખેડૂતોને ક્રમાનુસાર SMS મોકલી અથવા ટેલીફોનીક જાણ કરવામાં આવશે. જાણ કરાયેલા ખેડૂતોએ નિયત ખરીદ કેન્દ્ર ખાતે પોતાની જણસીના ટેકાના ભાવે વેચાણ માટે હાજર રહેવાનું રહેશે. સોમવારથી શુક્રવાર દરમ્યાન સંજોગોવસાત નિયત દિવસે હાજર ન રહી શક્યા હોય તેવા ખેડૂતોને શનિવારના દિવસે વેચાણ માટે તક આપવામાં આવશે. વેચાણ કરેલ જણસીનું ખેડૂતોને ચુકવણું સીધા ખેડૂતના ખાતામાં જમા કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા પાંચ વર્ષમાં રાજયના કુલ ૨૪ લાખ ખેડૂતો પાસેથી રૂા.૨૨,૫૯૬ કરોડ મૂલ્યના મગફળી, મગ, અડદ, તુવેર, ચણા, રાયડો અને કપાસના ૪૫.૧૩ લાખ મે.ટન જેટલા વિપુલ જથ્થાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે.

# ગીર સોમનાથ જીલ્લા પોલીસ ૨૧ ઓકટોબરે રાષ્ટ્રીય પોલીસ સંભારણા દિવસ મનાવવા પરંપરા

**રાષ્ટ્ર–રાજયમાં પોતાની ફરજો બજાવતા વીરગતિ પામેલા, વર્ષભરમાં શહીદ પોલીસ જવાનોને ખાસ પરેડ યોજી શ્રધ્ધાંજલી–સલામી અપાશે**

(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસપાટણ તા. ૧૯

રાષ્ટ્ર માટે બહાદુર પોલીસ જવાનોની સ્મૃતિમાં ૨૧ ઓક્ટોબરના દિવસે સમગ્ર દેશમાં પોલીસ સંભારણા દિવસ તરીકે મનાવવામાં આવે છે. જેમાં ૧ સપ્ટેમ્બર, ૨૦૨૧થી ૩૧ ઓગષ્ટ ૨૦૨૨ આમ સમગ્ર એક વર્ષ દરમ્યાન જે પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ, જવાનો પોતાના જીવનની પરવાહ કર્યા વગર શહીદ થયા હોય તેમજ ફરજને કારણે હિંસક બનાવો, ધરતીકંપ, હોનારત જેવા કારણોસર જેમનું ફરજ બજાવતા મૃત્યુ થયું હોય તેમની યાદ રૂપે પોલીસ સંભારણા દિવસ મનાવવામાં આવે છે. જો કે વિગતવાર આયોજન ઘડાયા પછી આખરી ઓપ અપાશે.

પોલીસ શહીદ સંભારણાના આ કાર્યક્રમમાં ગીર સોમનાથ જીલ્લા પોલીસ વડા મનોહરસિંહજી જાડેજા, નાયબ પોલીસ અધિક્ષક એમ.એમ. પરમાર, વી.આર. ખેંગાર, જી.બી. બામણીયા, જીલ્લા એસઓજી પોલીસ ઈન્સ્પેકટર એ.બી. જાડેજા, જીલ્લા એલસીબી પીઆઈ એ.એસ.ચાવડા, જીલ્લાના પોલીસ ઈન્સ્પેકટરો તથા સબ ઈન્સ્પેકટરો તેમજ જવાનો આ પરેડમાં ઉપસ્થિત રહેશે.

**પોલીસ સંભારણા દિવસ શું છે?**

ભારત-લદાખ સરહદ ઉપર ૧૬૦૦૦ ફુટની ઉંચાઈએ આવેલા હોટ સ્પ્રીંન્ગ સ્થળે ૨૧ ઓકટોબર, ૧૯૫૯ના રોજ ઘુસણખોરી કરનાર ચીની સૈનિકોએ પેટ્રોલીંગ કરી રહેલા સબ ઈન્સ્પેકટર અને તેની ટીમ ઉપર હુમલો કર્યો હતો. આ ભીષણ જંગમાં ભારતના ૧૭ જેટલા પોલીસ જવાનોએ સતત ૨૪ કલાક ઘુસણખોરી રોકી રાખીને શૌર્યતા બતાવી હતી. આ જંગમાં માતૃભૂમિનું રક્ષણ કરતા દશ જવાનો શહીદ થયા હતા. તેમની સ્મૃતિરૂપે ૨૧ ઓકટોબરે તેમના બલિદાનોને યાદ કરીને શ્રધ્ધાંજલી પ્રતિવર્ષ અર્પણ કરવામાં આવે છે. સને ૧૯૬૦થી આ દિવસ મનાવાય છે.

વ્યવસ્થાના ભાગરૂપે જીલ્લામાં વેરાવળ અને ઉનામાં બે સ્થળોએ આ કાર્યક્રમ ઉજવાય છે. વેરાવળ ખાતે સોમનાથ સુરક્ષા પ્રભાસ પાટણ પોલીસ, સોમનાથ મરીન પોલીસ, વેરાવળ સીટી, તાલાળા તથા સુત્રાપાડા સ્ટાફ ઉપસ્થિત રહેછે.

જયારે ઉના ખાતે ઉના, કોડીનાર, ગીરગઢડા અને દેલવાડા પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહે છે. અધિકારી તરફથી સમગ્ર દેશ માટે નિયત સ્પીચનું વાંચન કરવામાં આવે છે.

**''આજ કે દિન ભારત કે જીન પોલીસ ભાઈઓને અપને પ્રાણ સેવામાં અર્પણ કીયે, ઉનકી યાદમેં શોક પ્રકટ કરતા હું'' ઔર ''જીન પુલીસ ભાઈઓને ૨૦૨૨ મેં ફરજમેં અપના બલિદાન દીયા હૈ, ઉનકે નામ મેં આપકે સામને પઢકર સુનાતા હું''**

ઉપર મુજબની સ્પીચ વાંચન બાદ મળેલ યાદીના નામો, હોદો, રાજય, પ્રદેશ સહિત તમામ નામોનું વાંચન કરવામાં આવે છે. પરેડ સ્થળે ખાસ શહીદ સ્મારક ઉભું કરાય છે જેને સૌ પુષ્પાંજલી અર્પી જનરલ સેલ્યુટ અને શસ્ત્ર સલામી, 'બ્યુગલ લાસ્ટ પોસ્ટ' એટલે કે ઉંધી રાયફલ રાખી શોક શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવે છે. અને બે મિનીટનું મૌન પણ પાળવામાં આવે છે.

આ શોકાંજલી કાર્યક્રમમાં સમગ્ર પોલીસ દળ યુનિફોર્મમાં ડ્રેસ કોડમાં ઉપસ્થિત રહે છે અને પોતાના શહીદ સાથીઓને યાદ કરી તેની ફરજનિષ્ઠાને સલામ-વંદન કરે છે.

# જૂનાગઢમાં વણઝારી ચોકમાં આવેલ ગેબનશાહ બાપુના ઉર્ષની ઉજવણી થશે

જૂનાગઢ તા. ૧૯

જૂનાગઢ શહેરમાં વણઝારી ચોકમાં આવેલ હઝરત ગેબનશાહપીરની દરગાહ ખાતે દર વર્ષાની જેમ આ વર્ષે પણ તા.૨૧-૧૦-૨૨ ને શુક્રવારના રોજ ઉર્ષની ઉજવણી કરવામાં આવશે. વણઝારી ચોકમાં આવેલ ગેબનશાહપીરની દરગાહ એ હિન્દુ-મુસ્લીમ સમાજની એકતાના પ્રતિક સમાન છે. અહીં તમામ જ્ઞાતિ, ધર્મના લોકો શ્રધ્ધા ધરાવે છે. ઉર્ષ નિમિત્તે સાંજે આમ ન્યાઝ -પ્રસાદીનું આયોજન કરવામાં આવેલ છે. અને રાત્રે ઈશાની નમાઝ બાદ મિલાદ પાર્ટી અને કવ્વાલ મજીદ સોલેની કવ્વાલીનો ભવ્ય કાર્યક્રમ પણ યોજવામાં આવેલ છે. આ પ્રસંગે તમામ હિન્દુ-મુસ્લીમ ભાઈ બહેનોને કાર્યક્રમમાં ભાગ લેવા દરગાહના મુંજાવર ખાદિમ નજીબબાપુ, તેસીનબાપુ તેમજ રઈશબાપુ તરફથી એક યાદીમાં નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. વિશેષમાં જણાવેલ છે કે, દરગાહ તરફથી કોઈપણ જાતનો ફંડ ફાળો લેવામાં આવતો નથી અને દરગાહના નામે કોઈપણ જાતનો ફાળો આપવો નહીં તેમ પણ યાદીના અંતે જણાવેલ છે.

# જૂનાગઢની નુરી કિલનીક એન્ડ નિદાન કેન્દ્રમાં સમુહ ખત્ના કેમ્પ શાનદાર રીતે યોજાયો

જૂનાગઢ તા. ૧૯

જૂનાગઢની ખાનકાહે રઝવિય્યાહના ગાદી નશીન પીરે તરીકત હઝરત ગુલઝાર બાપુ નુરી દ્વારા ચાલતું નુરી કિલનીક એન્ડ નિદાન કેન્દ્રમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ઈદે મિલાદુન્નબીના મુબારક અવસરે તા.૧૬-૧૦-૨૨ ને રવિવારે સવારે ૧૦ કલાકે સમુહ ખત્નાનો શાનદાર કાર્યક્રમ યોજાયો હતો. આ કેમ્પમાં જનાબ ડો.હાજી ઈમરાન ધોરાજીવાળા હાજર રહી દરેક બાળકોની સુંદર રીતે કોઈપણ જાતની તકલીફ વગર ખત્ના કરી આપેલ હતી. આ કેમ્પનો ઉદેશ મુસ્લીમ સમાજમાં ખત્નાના નામે ચાલતા કુરીવાજો જેવા કે જાગરણ, વરઘોડો, વાજિંત્રો સહિતના ફઝુલ ખર્ચાઓ દુર કરવાનો હતો. આ કેમ્પમાં જૂનાગઢ શહેર તથા આજુબાજુના ગામડાઓમાંથી મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. આ ખત્ના કેમ્પમાં અલાઉદીનભાઈ રઝવી, હાજી નીસારબાપુ મુન્શી, બી.એસ. બાબી, હાજી રીયાજભાઈ નાગોરી, ઈબ્રાહીમભાઈ પરમાર, ફારૂકભાઈ મેમણ, ઈકરાફભાઈ ગફુલી સહિતના અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી. ખાનકાહે રઝવિય્યાહના ગુલઝારબાપુ નુરીના હસ્તે ખત્ના કેમ્પમાં ભાગ લેનાર બાળકો માટે દવા વિનામૂલ્યે આપવામાં આવેલ હતી તેમ નુરી કિલનીકની યાદીમાં જણાવાયુંછે.

# ઘઉં સહિત છ રવિ પાકના ટેકાના ભાવમાં વધારો જાહેર કરતી કેન્દ્ર સરકાર

(દિલ્હી બ્યુરો દ્વારા)

નવી દિલ્હી તા.૧૯

કેન્દ્ર સરકારે દિવાળી પહેલા ખેડૂતોને ખુશખુશાલ કર્યા છે. કેન્દ્રીય કેબિનેટ ઘઉં, રાય, ચણા, જવ, મશુર જેવા રવિ પાકોમાં ટેકાના ભાવોમાં મણે રૂા.૨૨ થી ૧૦૦નો વધારો કરવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્ર સરકારની કેન્દ્રીય કેબીનેટની બેઠક મળી હતી. જેમાં કેન્દ્ર સરકારે ખેડૂતોને દિવાળી પહેલા ભેટ આપી છે. વર્ષ ૨૦૨૩-૨૪ માટેના રવિ પાકના ટેકાના ભાવોમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્રીય કેબિનેટે ઘઉંમાં ક્વિન્ટલે રૂા.૧૧૦નો વધારો કર્યો છે. ત્યારે હવે ક્વિન્ટલનો ભાવ રૂા.૨૧૨૫ પહોંચ્યો છે. ઘઉંમાં મણે રૂા.૨૨નો વધારો થયો છે. તો રાયમાં ક્વિન્ટલે રૂા.૪૦૦નો વધારો કરી ટેકાનો ભાવ રૂા.૫૪૫૦ કર્યો છે. આમ રાયનો ટેકાનો ભાવ રૂા.૮૦નો વધારો કર્યો છે. આ ઉપરાંત ચણાનાં ટેકાના ભાવમાં કેન્દ્ર સરકારે રૂા.૧૦૫નો વધારો કર્યો છે. હવે ચણાનો ટેકાનો ભાવ રૂા.૫૩૩૫એ પહોંચ્યો છે. ચણાના ટેકાના ભાવમાં મણે રૂા.૨૧નો વધારો થયો છે. તો જવમાં ટેકાના ભાવમાં પ્રતિ ક્વિન્ટલે રૂા.૧૦૫નો વધારો કરતાં નવો ટેકાનો ભાવ રૂા.૧૭૩૫ પહોંચ્યો છે. તો મશુરના ટેકાના ભાવમાં પ્રતિ ક્વિન્ટલે રૂા.૫૦૦નો વધારો કરતા રૂા.૬૦૦૦એ પહોંચ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દિવાળીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે. ત્યારે કેન્દ્ર સરકારે છ જેટલા રવિ પાકના ટેકાના ભાવમાં કેન્દ્રીય કેબિનેટે વધારો કરતાં ખેડૂતોમાં આનંદ છવાયો છે.

# દેવભૂમિ દ્વારકાની થશે કાયાપલટ : દ્વારકામાં રૂપિયા ૫૦ કરોડના વિવિધ કામોના લોકાર્પણ તથા ખાત મુહૂર્ત કરાયા

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯





વિશ્વ વિખ્યાત યાત્રાધામ દ્વારકાનું ફલક આવે વૈશ્વિક સ્તરે વિસ્તરી રહ્યું છે. તે માટે સ્થાનિક તંત્ર સાથે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા પણ અંગત રસ લઈ અને વિકાસ કામોને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. દ્વારકા વિસ્તારમાં યાત્રાળુઓ સાથે સ્થાનિક રહીશોની સુવિધામાં વધારો થાય તે માટે તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરી અંતર્ગત દ્વારકા નગરપાલિકા વિસ્તારમાં જુદા-જુદા પ્રકારના વિકાસકાર્યો માટે આશરે રૂપિયા ૫૦ કરોડ જેટલા કામોના લોકાર્પણ તથા ખાત મુહૂર્ત કરવામાં આવ્યા છે. આ સમગ્ર બાબતે દ્વારકા નગરપાલિકાના પ્રમુખ જયોતિબેન સામાણીએ માહિતી આપતા જણાવ્યું હતું કે સરકાર દ્વારા ફાળવવામાં આવેલી સ્વર્ણિમ, અમૃત તેમજ ધારાસભ્ય વિગેરેની ગ્રાન્ટમાંથી જિલ્લા સાંસદ પૂનમબેન માડમ તથા ધારાસભ્યના માર્ગદર્શન હેઠળ નગરપાલિકા દ્વારા વિવિધ પ્રકારના લોકાર્પણ તથા ખાત મુહૂર્તના કામો કરવામાં આવ્યા છે. જેમાં મટવી ચોક વિસ્તારમાં ૨૦ ફૂટ ઊંચો રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો છે. આ ઉપરાંત દ્વારકાના જુદા જુદા સર્કલોના ડેવલપમેન્ટ સાથે ખારવા દરવાજામાં હેરિટેજ લુકથી રીનોવેશન કરવામાં આવ્યું છે. દ્વારકાના તમામ સાત વોર્ડમાં અલગ અલગ એનાઉન્સમેન્ટ સિસ્ટમ તથા સીસીટીવી કેમેરા ફીટ કરવામાં આવ્યા છે. દ્વારકા શહેરમાં નલ સે જલ યોજના હેઠળ પ્રજાકીય કામગીરી કરાઈ છે.


આ ઉપરાંત સાંસદ પૂનમબેન માડમની જહેમતથી કેન્દ્ર સરકાર દ્વારા દ્વારકાને મળેલી રૂપિયા ૨૦ કરોડની ગ્રાન્ટમાંથી ખારા તળાવનું નામ રૂક્ષ્મણી સરોવર રાખી, અહીં વિવિધ પ્રકારની સુખ સુવિધામાં વધારો થાય તે માટેના ખાતમુહૂર્ત કરાયા છે. આમ, દ્વારકામાં કરોડો રૂપિયાના ખર્ચે સીસી રોડ, પેવર બ્લોક, ગોમતી ઘાટમાં કોબાસ્ટોન ફિક્સ કરવા, પાણીની લાઈન નાખવા, એલીડી લાઈટ સાથેના વીજપોલ ઉભા કરવા, કોમ્યુનિટી હોલ, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ વિગેરેના કામ જાહેર જનતા સમક્ષ મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત જુદા-જુદા રસ્તાઓને સીસી રોડથી મઢવા, સર્કલ બનાવવા, પાણી પુરવઠાના કામો, પીવાના પાણીની લાઈનો નાખવાના કામો વિગેરેના ખાત મુહૂર્ત પણ કરવામાં આવ્યા હતા. આમ, સરકાર દ્વારા સાંપળેલી કરોડો રૂપિયાની ગ્રાન્ટથી દ્વારકાના રહીશોમાં સુખાકારીનું વધારો થશે. સાથે સાથે દ્વારકાની શોભામાં પણ અભિવૃદ્ધિ થશે તેમ નગરપાલિકાના પ્રમુખ જ્યોતિબેનએ જણાવ્યું હતું.

# સોમનાથ મહાદેવ મંદિરે ૨૨ ઓકટોબરના રોજ કેન્દ્રીય મંત્રી અમીત શાહના જન્મદિવસની ઉજવણી

(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૯

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અને સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી અમીત શાહના ૫૯માં જન્મદિવસની તા.૨૨ ઓકટોબર ને શનિવારના રોજ આયુષ્ય મંત્ર જાપ, મહાપૂજા, ધ્વજા પૂજા સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર દ્વારા કરવામાં આવશે. તેમજ તેમના નિરામય દીર્ઘ આયુષ્ય માટે વિશેષ પૂજન સાથે સાથે વિશેષ શણગાર સાથે દીપમાળા કરવામાં આવશે અને તેઓને જન્મદિનની શુભેચ્છાઓ મોકલવા આયોજન થઈ રહયું છે. સોમનાથ ટ્રસ્ટ આ રીતે પ્રત્યેક ટ્રસ્ટીના જન્મદિવસો ધાર્મિક શુભેચ્છા કાર્યક્રમનું આયોજન પરંપરાગત રીતે કરાય છે.


બંદરો અને વાહન વ્યવહાર વિભાગ
ગુજરાત સરકાર
ગુજરાત
બનશે માછીમારોની સમૃદ્ધિનું પ્રતીક
માનનીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઈ મોદી
દ્વારા
માઢવાડ, સુત્રાપાડા અને વેરાવળ ખાતે
મત્સ્ય બંદરોનો ઈ-શિલાન્યાસ
તા. ૧૯ ઓક્ટોબર, ૨૦૨૨
સ્થળઃ સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
માઢવાડ, સુત્રાપાડા અને વેરાવળ – વિશેષ લાક્ષણિકતાઓ
વૈશ્વિક કક્ષાની સુવિધાઓથી સુસજ્જ
યુરોપિયન ધોરણો અનુસાર વિકસિત
૧૦,૦૦૦ બોટ સમાવવાની ક્ષમતા
અંદાજિત રૂ. ૮૦૦ કરોડથી વધુના ખર્ચે
આશરે ૫૫,૦૦૦ સ્થાનિકોને રોજગારની તકો
મત્સ્ય ઉત્પાદનમાં વાર્ષિક ૬ લાખ ટનનો વધારો
GUJARAT MARITIME BOARD
The Maritime Brand of India
www.gmbports.org

# જૂનાગઢને પ્રવાસન કાર્યોની ભેટ આપનારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવકારવા સોરઠ બન્યું મોદીમય

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ગીર, ગિરનાર, સોમનાથ અને માધવપુર ઘેડની પાવનભૂમિ પ્રત્યે વિશેષ આદર : મુખ્યમંત્રી હતા ત્યારે પ્રવાસન વિકાસનો પાયો નાખ્યો : વડાપ્રધાન બનતા સોરઠ પ્રદેશ બન્યો પ્રવાસન વિકાસમાં જાજરમાન

**ગિરનાર રોપ વે થયો : કેશોદની હવાઈ સેવા શરૂ કરી : સૌરાષ્ટ્રની દરિયાઈ પટ્ટીના ખેડૂતોને સમૃદ્ધ કરવા જૂનાગઢમાં રાજ્યનું પહેલું કોકોનટ ડેવલપમેન્ટ બોર્ડનું કેન્દ્ર શરૂ કરાવ્યું : માધવપુરના મેળાને રાષ્ટ્રીય મેળાનું બહુમાન અપાવ્યું અને પોરબંદરને મળશે મેડિકલ કોલેજ**


**સૌરાષ્ટ્રની બદલાતી પ્રવાસનની તસ્વીર યુવાનોને નવી તકો અપાવશે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં જૂનાગઢ મહાનગર સહિત સમગ્ર સોરઠમાં પ્રવાસનને વેગ આપવા અનેક પ્રોજેક્ટ કાર્યરત**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે જૂનાગઢથી રૂા.૪૧૦૦ કરોડથી વધુના પ્રકલ્પોનો પ્રારંભ કરાવી રહ્યા છે ત્યારે સમગ્ર સોરઠમાં વડાપ્રધાનના કાર્યક્રમને લઈને ઉત્સાહ અને ઉમંગ છે. ગીર અને ગિરનાર, સોમનાથ તેમજ પોરબંદર-માધવપુર સમગ્ર સૌરાષ્ટ્રની ટુરીઝમ સર્કિટ નવી ઊંચાઈ આપવા તેઓએ મુખ્યમંત્રી હતા તે દરમ્યાન દુરંદેશી પ્રયાસો કર્યા હતા. આજે તે પરિણામ સ્વરૂપ સાકાર થયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડાપ્રધાન તરીકે છેલ્લે ૨૩ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ જૂનાગઢમાં આવ્યા હતા અને જૂનાગઢ સિવિલ હોસ્પિટલના નવા ભવન અને મેડિકલ કોલેજ બિલ્ડિંગનું લોકાર્પણ કર્યું હતું. તેઓ મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૧૨માં તા. ૧૪ ઓગસ્ટના રોજ રાજયકક્ષાની ઉજવણી અંતર્ગત આ ભવનનું ખાતમુહૂર્ત કર્યું હતું. આજ રીતે હવે તેઓની આ મુલાકાતમાં પોરબંદર જિલ્લાને નવી મેડિકલ કોલેજ મળવા જઈ રહી છે. વડાપ્રધાનને સોરઠ પ્રદેશ પ્રત્યે વિશેષ આદર છે. તેઓ જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે જૂનાગઢ અને કચ્છ જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે આખી યોજના અમલમાં મૂકી હતી અને વર્ષ ૨૦૦૬ને પ્રવાસન વર્ષ જાહેર કરવામાં આવ્યું ત્યારે તેના મૂળમાં જૂનાગઢ અને કચ્છ જિલ્લાના પ્રવાસનવિકાસની પીઠિકા હતી. સોરઠના પ્રવાસન સ્થળો વધુને વધુ વિકસે અને યાત્રાળુઓને સુવિધા મળે દેશ દુનિયાના પ્રવાસીઓ જૂનાગઢ, પોરબંદર જિલ્લાના માધવપુર તેમજ ગીર-સોમનાથમાં સોમનાથ મહાદેવ તેમજ ગીરના પ્રવાસન સ્થળોએ આવે ત્યારે સ્થાનિક વિસ્તારનો વિકાસ થાય તેમને માળખાગત સુવિધા મળે અને રોજગારીનું સર્જન થાય અને ખાસ કરીને સ્થાનિક યુવાનોને નવી નવી તકો મળે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ડબલ એન્જિન સરકાર દ્વારા વ્યાપક કાર્યો કરવામાં આવ્યા છે. ગિરનાર રોપ-વેને ૩૦-૩૫ વર્ષથી ગ્રહણ લાગ્યું હતું. અનેક પ્રકારની અડચણ અને મુશ્કેલીને લીધે લોકોએ ગિરનાર રોપ-વે બનશે તેવી આશા છોડી દીધી હતી. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૭માં જૂનાગઢમાં ગુજરાત સ્થાપના દિન ઉજવણી દરમ્યાન રોપ-વેનું ખાતમુહૂર્ત કર્યુ હતું. પરંતુ જરૂરી ક્લીયરન્સ નહીં આવતા પ્રોજેક્ટ અટવાયેલો પડ્યો હતો. વડાપ્રધાન બનતા જ નરેન્દ્ર મોદીએ ગિરનાર રોપવે કાર્યરત થાય તે માટે પ્રયાસો હાથ ધરી રાજ્ય સરકારના સંકલનમાં આ પ્રોજેક્ટ પૂર્ણ થતા વડાપ્રધાનના હસ્તે ૨૪ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ રોપ-વેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારથી અત્યાર સુધીમાં ૧૩ લાખથી વધુ પ્રવાસીઓએ રોપ-વેની સફર કરી છે. ગિરનાર ઉપર બિરાજતા મા અંબાના દર્શન કર્યા છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન પૂર્વેની સંધ્યાએ જૂનાગઢ શહેર રોશનીથી ઝળહળી ઉઠયું





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિવિધ પ્રજાલક્ષી પ્રકલ્પોના ખાતમુહૂર્ત અર્થે જૂનાગઢ આવી રહ્યા છે. પ્રધાનમંત્રીના આગમન પૂર્વે સોરઠ પ્રદેશના પ્રજાજનોમાં ભારે ઉત્સાહ છવાયો છે. ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગમનની પૂર્વેની સંધ્યાએ જૂનાગઢ શહેરને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યું છે. આ રોશનીના જળહળાટથી જૂનાગઢની ઐતિહાસિક સહિતની ઈમારતોએ નવા રંગરૂપ ધારણ કર્યા છે. આમ જૂનાગઢ શહેર રોશનીથી જગમગી ઊઠવાની સાથે એક નવોઢા નવો જેવા શણગાર સજ્યો હોય તેવું શોભયમાન થઈ રહ્યું છે.

# જૂનાગઢમાં એચડીએફસી બેંકમાંથી લીધેલ લોનનાં હપ્તાની રકમ લેવા જતા હુમલો : સામસામી ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢમાં એચડીએફસી બેંકમાંથી લીધેલ લોનનાં હપ્તા લેવા જતા હુમલાનો બનાવ બનેલ છે. આ બનાવ અંગે બી ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર કેશોદનાં પ્રભાતનગર, ગણેશ મંદિર પાસે રહેતા વિરલભાઈ કાનજીભાઈ વંશ (ઉ.વ.૩૮)એ મહંમદ આરીફ મુસાભાઈ કચરા રહે.જૂનાગઢ તથા શકીલ ઉર્ફે જોન્ટી રહે.વંથલી તથા ત્રણ અજાણ્યા શખ્સો વિગેરે સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામનાં આરોપી નં.૧એ એચડીએફસી બેંકમાંથી લોન લીધેલ હોય જે લોનનાં હપ્તા ચાર ચડત થયેલ હોય અને ફરી બેંકમાં હંગામી રીતે લોન રીકવરીમાં કામ કરતા હોય અને લોનનાં હપ્તાની રકમ લેવા જતા તે મનદુઃખનાં કારણે આ કામનાં પાંચેય આરોપીઓએ એક સંપ કરી ગેરકાયદેસર મંડળી રચી ફરિયાદીનો કાઠલો પકડી થપ્પડ મારી, બિભત્સ શબ્દો કહી અને ઢીકાપાટુનો માર મારી પાંચેય આરોપીઓ નાશી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસો આરોપીઓ વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. જયારે આ જ બનાવનાં અનુસંધાને સામા પક્ષે પણ પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં જૂનાગઢનાં ઢાલરોડ ચંપા ફળીયા નજીક રહેતા આરીફભાઈ મુસાભાઈ કચરા (ઉ.વ.૪૦)એ વિરલભાઈ વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામનાં ફરિયાદીએ એચડીએફસી બેંકમાંથી લોન લીધેલ હોય અને આરોપી લોનનાં હપ્તા લેવા ફરિયાદી પાસે ગેરેજે આવેલ અને હપ્તાનાં ૧૩ હજારમાંથી ૮ હજાર આપી દીધેલ છે તેમ ફરિયાદીએ કહેલ અને હવે રૂા.૫ હજાર આપવાનાં છે પણ મારી પાસે ૩ હજાર રૂપિયા છે તેમ વાત કરતા આ બેંકનાં હપ્તા લેવા વાળો આરોપી ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને ગેરેજની બહાર ફાવે તેમ ગાળો આપી થપ્પડો માર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ બી ડીવીઝન પોલીસ સ્ટેશનનાં હેડ કોન્સ્ટેબલ વી.ડી. ગીયડ ચલાવી રહ્યા છે.

# ગુજરાત ભાજપ દ્વારા દેવભૂમિ દ્વારકાથી શરૂ થયેલ ગૌરવ યાત્રાનું પોરબંદર ખાતે સમાપન થયું

## જ્યાં જ્યાં ગૌરવ યાત્રા પહોંચી ત્યાં ત્યાં હજારોની સંખ્યામાં લોકો સ્વયંભૂ ઉપસ્થિત રહ્યા : સી.આર. પાટીલ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા વિકાસ ગાથા દર્શાવાતી ગુજરાત ગૌરવ યાત્રા રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ, ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પુર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા દેવભૂમિ દ્વારકાથી યાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. યાત્રાનાં ઈન્ચાર્જ ગુજરાત પ્રદેશ ભાજપનાં ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, ઉપાધ્યક્ષ જેન્તીભાઈ કવાડીયા, ધનસુખભાઈ ભંડેરી તથા અભયસિંહ ચૌહાણનાં માર્ગદર્શન હેઠળ પ્રદેશનાં વિવિધ પ્રકલ્પોનાં ૩૪ હોદેદારોની ટીમ સાથે યાત્રાએ ૨૨ વિધાનસભામાં જાહેર સભા કરી હતી અને રૂટ ઉપરનાં શહેરો અને ગામડાઓમાં ૬ લાખ લોકોનો સંપર્ક કરી ભરોસાની ભાજપ સરકારનાં વિકાસ કાર્યો અંગે માહિતગાર કર્યા હતા. આ યાત્રામાં અલગ-અલગ વ્યવસ્થા માટે ટીમો બનાવવામાં આવી હતી. જેમાં ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશનાં કન્વિનર યજ્ઞેશભાઈ દવે દ્વારા મિડિયા વિભાગની જવાબદારીમાં જૂનાગઢ મહાનગર મિડીયા વિભાગનાં સંજય પંડ્યાની પણ પસંદગી કરવામાં આવી હતી. જેમાં તેમની સાથે પ્રદેશ મિડીયામાં રાજુભાઈ ધ્રુવ, શૈલેષ પરમાર, હિરેન કોટક, સુરેશ માંગુકીયા અને મુકેશ બુદેલા સાથે રહ્યા હતા. ૧૨ ઓક્ટોબરથી દ્વારકા જીલ્લાથી શરૂ થયેલ ગુજરાત ગૌરવ યાત્રા જામનગર જિલ્લા, રાજકોટ જિલ્લા, મોરબી જીલ્લા, સુરેન્દ્રનગર જીલ્લા તથા પોરબંદર જીલ્લા ખાતે ફરી હતી. જે ૧૮ ઓક્ટોબરનાં રોજ પોરબંદર સુદામા ચોક ખાતે પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ, પુર્વમુખ્યમંત્રી વિજય રૂપાણી, કેન્દ્રીય મંત્રી ડો. ભાગવત કરાડજી, ડો. ભરતભાઈ બોઘરા, મહેશ કસવાલા તથા પોરબંદર જીલ્લાનાં પદાધિકારીઓ, હોદેદારો તથા યાત્રાનાં ઈન્ચાર્જઓની ઉપસ્થિતિમાં યાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું.

# જૂનાગઢમાં પાન-બીડીનાં બાકી રૂપિયાની ઉઘરાણી કરતા હુમલો : ચાર સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢનાં ખામધ્રોળ રોડ, કેમ્બ્રીજ સોસાયટી, યમુના નગર-૧માં રહેતા સીરાજભાઈ સીલેમાનભાઈ નોયડાએ યુનિશ પલેજા, નજીર યુનિશ, અરબાસ યુનિશ, અબ્દુલ કુરેશી રહે. બધા રામદેવપરા વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામનાં ફરિયાદીને સંજરી પાનનો ગલો હોય આ કામેનાં આરોપી નં.૧ તથા ૨ પાસે પાન-બીડીનાં એક હજાર રૂપિયા બાકી હોય જેની ઉઘરાણી કરતા આ કામનાં ફરિયાદી સાથે ઝઘડો થયેલ હોય જેનું મનદુઃખ રાખી ચારે ભેગા મળી ફરિયાદીની ન્યું સંજરી પાનની દુકાન ખાતે મોટરસાઈકલમાં આવી લાકડાઓનાં ધોકા વડે ફરિયાદીને તથા કાકાનાં દિકરા જુનેદ (ઉ.વ.૧૪) વાળાને શરીરે આડેધડ મુઢમાર મારી ઈજા પહોંચાડયાની તેમજ દુકાનામાં તોડફોડ કરી આશરે ૧૦ હજારનું નુકશાન કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનનાં એએસઆઈ પી.એસ. આત્રોલીયા ચલાવી રહ્યા છે.

# તુર્ક મુસ્લીમ જમાત જૂનાગઢનાં તેજસ્વી તાલાઓનો સન્માન સમારોહ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૯

તુર્ક મુસ્લીમ જમાત જૂનાગઢના તેજસ્વી તારલાઓનું છઠો સન્માન સમારોહ તા. ૧૬/૧૦/૨૦૨૨ને રવીવારના સવારે ૮.૩૦ કલાકે તુકે મુસ્લીમ જમાતખાના જૂનાગઢ ખાતે યોજાયો હતો. જેમાં ધોરણ ૧થી ડીગ્રી કોર્ષ સુધીનાં કુલ ૨૦૮ વિદ્યાર્થીઓને સમાજના હાજી સાહેબો તથા વડીલોના હસ્તે વિવિધ ઈનામો દ્વારા સન્માનીત કરવામા આવેલ હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ નાસીરખાન, ઉપપ્રમુખ શાકીરખાન, ખજીનચી અયુબખાન, સેક્રેટરી અયુબખાન, સભ્ય યુનુસખાન, મજીદખાન, આસીફખાન તથા અન્ય સભ્યો નાસીરખાન, શબ્બીરખાન મોહસીનખાન, પરવેઝખાન વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

# કેશોદનાં કરેણી ગામ નજીકથી ઈંગ્લીશ દારૂનો કારમાંથી જથ્થો ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

કેશોદ પોલીસ સ્ટેશનનાં હેડ કોન્સ્ટેબલ દેવાભાઈ લખમણભાઈ અને સ્ટાફે કરેણી ગામે પ્રાચલી રોડ ઉપરથી સફેદ કલરની હુન્ડાઈ કંપનીની કાર નંબર જીજે-૨૭-એએ-૪૧૧૧નાં અજાણ્યા ચાલક કે જે રેડ દરમ્યાન હાજર નહી મળી આવેલ તે અજાણ્યા આરોપીએ ગેરકાયદેસર વગર પાસ-પરમિટ વગર પોતાની કારમાં ડ્રાઈવર સીટની બાજુનાં ભાગે ઈંગ્લીશ દારૂની બોટલ નંગ-૧૨ તથા કારની ડેકીમાં બોટલ નંગ-૩૦ મળી આવેલ પોલીસે કાર તથા દારૂનો મુદામાલ મળી કુલ રૂા.૨.૧૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી હાજર નહી મળી આવેલ કાર ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે.

# જૂનાગઢ : મજુરીનાં પૈસા માંગતા માર મારી સસ્પેન્ડ કરી દેવાની ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢનાં ભવનાથ વિસ્તારમાં જાંબુડી ફોરેસ્ટ નાકા ચાર રસ્તા પાસે બનેલા બનાવમાં સુનિલભાઈ હમજીભાઈ પરમાર (ઉ.વ.૩૩) રહે.સરદાર બાગ, ફોરેસ્ટ કોલોની, ત્રણ માળીયા, બ્લોક નં.એસ/૧ વાળાએ જૂનાગઢનાં રેન્જ ફોરેસ્ટ ઓફીસર જે.એ. મીયાત્રા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામનાં ફરિયાદી ફોરેસ્ટ ગાર્ડમાં ફરજ બજાવતા હોય અને પોતાની બીટ વિસ્તારમાં વરસાદનાં પાણીનાં કારણે ધોવાઈ ગયેલ રસ્તા મજુરો મારફતે રીપેર કરાવેલ જેનાં પૈસા તેઓએ ચુકવેલ હોય અને પૈસાની જરૂરિયાત પડતા આ કામનાં આરોપી રેન્જ ફોરેસ્ટર મીયાત્રા પાસે આ મજુરીનાં ચુકવેલ પૈસા માંગતા આરોપીએ ફરિયાદીને કહેલ કે, શું પૈસા માંગા-માંગ થયો છે? તેમ કહી ઉશ્કેરાઈ જઈ ભુંડી ગાળો આપી આડેધડ પેટમાં, છાતીમાં તથા માથા ઉપર તથા પગનાં ભાગે ઢીકાપાટુથી મારમારી સસ્પેન્ડ કરી દેવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ ભવનાથ પોલીસ સ્ટેશનનાં હેડ કોન્સ્ટેબલ વાય.એમ. સીડા ચલાવી રહ્યા છે.

**વિદેશી દારૂ ઝડપાયો**

જૂનાગઢ સી ડીવીઝન પોલીસે ગાંધીગ્રામ ઈન્દીરાનગર સોસાયટીમાં દારૂ અંગે રેડ પાડતાં વિદેશી દારૂની પેટી નંગ-૨૦ ચપટા નંગ ૯૬૦ કિંમત રૂા. ૯૬ હજારનો મુદામાલ ઝડપી લીધેલ છે. જયારે હાજર નાહી મળી આવનાર સંદીપ પરબતભાઈ હુણ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ સમસ્ત લુહાર જ્ઞાતિ બંધુઓનું સ્નેહમિલન યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૯

જૂનાગઢ શહેર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા સમસ્ત લુહારા જ્ઞાતિ બંધુઓનું નવા વર્ષનું સ્નેહમિલન તા. ૩૦-૧૦-૨૦૨૨ રવીવારના સાંજે ૪ થી ૬ સુધી કવાવાડી, જૂનાગઢ ખાતે રાખવામાં આવેલ છે. તેમજ નવી કારોબારી માટેની મીટીંગ પણ રાખેલ હોય તો સર્વે જ્ઞાતિ બંધુને પધારવા પ્રમુખ મનુભાઈ પીઠવાએ યાદીમાં જણાવેલ છે.

# તહેવાર સબબ સ્વામિનારાયણ મંદિરે નેત્ર નિદાન કેમ્પ રદ કરવામાં આવ્યો છે

દિવાળીનો તહેવાર હોવાથી સ્વામિનારાયણ મંદિરે દર માસે તા. ૨૨નાં રોજ થતો નેત્રયજ્ઞ બંધ રાખવામાં આવેલ છે. જે રાજકોટમાં આવેલ છે. જે રાજકોટનાં શ્રી પૂ. રણછોડદાસ બાપુ આંખની હોસ્પીટલ દ્વારા કેમ્પનું આયોજન થાય છે. તેમનાં તરફથી આગામી તા. ૨૨-૧૦-૨૨નો કેમ્પ બંધ રહેશે જેની દરેક દર્દી ભગવાનોએ નોંધ છે.

**કર્તા : લી. બાબુભાઈ ચૌહાણ**

**મો. ૯૮૨૪૫ ૪૧૫૧૯**